Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૭ • તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ચેન્નઈ દ્વારા બેંગલોરમાં જાન્યુઆરી ૨૦૧૬ની ૮મી અને ૯મી એ સફળ રીતે યોજાયેલ કે.ડી.ઓ. ગ્લોબલ સમિટના સ્વપ્ન શિલ્પી ચેન્નઈ ગૌરવ તિલકચંદ લોડાયાનું ભાવપૂર્વક સન્માન

અહેવાલ સામેના પાને

## SRI K.D.O. JAIN GNATI MAHAJAN CHENNAI

**Facilitated SHRI TILKACHAND LODAYA on the success of KDO GLOBAL SUMMIT held in Banglore (8-9th Jan 2016).**











## "વાત્સલ્યમૂર્તિ ને ભાવભીની શ્રદ્ધાંજલિ"



ગામ : વરાડીયા
હાલે : તીરૂપુર

**અ.સૌ. મધુબેન ચંદુલાલ રાઘવજી મોમાયા**

અરિહંત શરણ : તા. ૨૫/૦૧/૨૦૧૬

તમારા હેતની નહોતી કોઈ હદ,
સ્નેહના નહોતા કોઈ સીમાડા....
મમતાની નહોતી કોઈ મર્યાદા,
વાત્સલ્યના નહોતા કોઈ વાયરા....
આશીષમાં નહતી કોઈ અધુરાશ,
કરૂણાના નહોતા કોઈ કિનારા....

**ઓ માં ! કેમ કરી ને ભૂલીએ તમારા સંભારણાં**

**"પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના"**

❖ શ્રધ્ધા - સુમન ❖ પતિ : **શ્રી ચંદુલાલ રાઘવજી મોમાયા**

દીકરી - જમાઈ : રશ્મિ જવેરચંદ મુલજી લાલકા
દોહિત્રા વહુ - દોહિત્ર : સૌ. પ્રાચી કિરણ લાલકા
પર દોહિત્રી : કુ. ધ્રુવી કિરણ લાલકા
દોહિત્રી - જમાઈ : સૌ. કાજલ ચેતન લલીત શાહ (રાયપુર)
પર દોહિત્રી : કુ. શ્રિષ્ટી ચેતન શાહ

દીકરી - જમાઈ : નીતા ભરત લાલજી લોડાયા
દોહિત્રા વહુ - દોહિત્ર : સૌ. મેઘા અતીત લોડાયા
પર દોહિત્રી : કુ. સ્વરા અતીત લોડાયા

શા. રાઘવજી રામજી મોમાયા સમસ્ત પરિવાર (વરાડીયા - તીરૂપુર)

માતુશ્રી ખેતબાઈ કેશવજી લખમશી નાગડા સમસ્ત પરિવાર (નલીયા - ખામગામ)

## ''ચેન્નાઈ મહાજનના સિતારા'' ''ગ્લોબલ સમિટના દૃષ્ટા ''
## આદરણીય શ્રી તિલકચંદભાઈ કુંવરજી લોડાયાનો સન્માન સમારંભ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચેન્નાઈ વતી તા. ૨૪.૧.૨૦૧૬ રવિવારનાં સવારનાં ૯.૦૦ કલાકે શ્રી તિલકચંદભાઈના બહુમાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમનો શુભારંભ કુ. તૃપ્તિ ડાઘા, કુલોકાંક્ષી અજાણી, કુ. હેલી અજાણીએ પ્રાર્થનાથી કર્યો.

પ્રમુખ જયશ્રીબેન મોતાએ સ્વાગત પ્રવચન કરી શ્રી તિલકચંદભાઈના સોહામણા કાર્યને બિરદાવ્યું. માનદ્‌મંત્રી શ્રી રાજેશભાઈ મોમાયાએ ગ્લોબલ સમિટ – બેંગલોરના પોતાના અનુભવ અને તિલકચંદભાઈ વિશે વક્તવ્ય સુંદર રીતે રજૂ કર્યું.

કે.ડી.ઓ. ગ્લોબલ સમિટના આયોજન દૃષ્ટા શ્રી તિલકભાઈ એ સમિટનો વિચાર કેવી રીતે આવ્યો ત્યારથી માંડીને એ સ્વર્ણિમ સ્વપ્ન સાકાર થયું ત્યાં સુધીની યાત્રા મંતવ્યો અને અનુભવો સાથે રસપ્રદ રીતે વર્ણવી.

સભ્યોએ તેમને ઉમળાકાભેર વધાવ્યા અને દરેક કાર્યમાં સહકારની ખાત્રી આપી.

મહાજનવતી શ્રી જ્યોતીન્દ્રભાઈ લાપસીયાએ શાલ ઓઢાડી, કમીટી સભ્યોને તિલકચંદભાઈ અને શ્રીમતી મનોરમાબેનને મોમેન્ટો અર્પણ કરી હાર્દિક વધામણા આપી બહુમાન કર્યું. અતુલભાઈ ડાઘા, અનુપમા મોમાયા, તૃપ્તિ ડાઘા અને નેવીલ મોતાએ સરસ અભિવાદન કર્યું. મહાજનનાં ખજાનચી ચેતનાબેન ડાઘાએ આભાર વિધિ કરી.

દુર્લભ માનવ જીવન પામી એને કેમ સજાવવું? જીવન ઉપવનનો સોહામણું કેમ બનાવવું ?
ફક્ત પોતાના માટે નહીં પણ સમગ્ર જ્ઞાતિ માટે કંઈક કરીને તિલકભાઈની જેમ...

**જિંદગી કેવલ ન જિનેકા બહાના, જિંદગી કેવલ ન સાંસો કા ખજાના**
**જિંદગી સિન્દર હૈ પૂરબ દિશાકા, જિંદગી કા કામ હૈ સુરજ ઉગાના...**

જ્ઞાતિના – યુવ વર્ગના – સારથી બની આપ પાવન પ્રેરણાઓ ને પ્રકાશ પાથરતા રહો એજ શુભમંગલ કામના.

**શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન** – ચેન્નાઈ

પ્રમુખશ્રી : **જયશ્રી પી. મોતા** માનદ્ મંત્રીશ્રી : **રાજેશ જી. મોમાયા**

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

(રજિ. નં. એ/૨૮૯૮ (મુંબઈ) તા. ૧૯/૧૧/૧૯૬૯)

ન્યુ હનુમાન બિલ્ડિંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : (૦૨૨) ૨૩૭૨ ૯૩૦૪

સ્થાપના : સં. ૨૦૨૪

## ''વર્ષીતપ આરાધકોની ભૂરિભૂરિ અનુમોદના...

સંવત ૨૦૭૨ની અખાત્રીજનો સલુણો દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે આદિનાથ દાદાની દિવ્ય કૃપાથી તેર તેર માસની ઉગ્ર તપસ્યાને અંતે ઈક્ષુરસના સમુહ વર્ષીતપ પારણા માટે હજી સુધી પ્રવેશપત્રો ભર્યા ન હોય તો સત્વરે ભરી લેશો.

અચલગચ્છીય સમાચારી પાળતા વર્ષીતપના સર્વ આરાધક તપસ્વીઓને પારણા માટે આમંત્રિત કરીએ છીએ. આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.

અખાત્રીજ તા. ૯-૫-૨૦૧૬ના સોમૈયા ગ્રાઉન્ડ, ઘાટકોપરમાં યોજાયેલ ઈક્ષુરસ વર્ષીતપ પારણા મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા વર્ષીતપ આરાધકો માટે પ્રવેશપત્રો શ્રી સંઘના કાર્યાલય - ૧૧૦/બી, કેશવજી નાયક રોડ, ન્યુ હનુમાન બિલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯ મધ્યે ૧૨.૩૦ થી ૫.૩૦ દરમ્યાન મળશે. ફોન : **(022) 2372 9304**

**લિ. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ વતી**

**શ્રી કલ્પેશ માણેકજી મોતા** (કન્વીનર - સમૂહ વર્ષીતપ પારણા સમિતિ)

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 07/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

## જ્ઞાતિનાં ટ્રસ્ટો અને મહાજનો વાર્ષિક અંદાજપત્રોના માધ્યમે પારદર્શિતા અપનાવે

મહારાષ્ટ્ર જાહેર ટ્રસ્ટોને લાગુ પડતા ટ્રસ્ટ કાયદાની કલમ ૩૧અ હેઠળ દરેક ટ્રસ્ટે હિસાબી વર્ષના પ્રારંભ પૂર્વેના એક મહીના સુધીમાં આગામી વર્ષમાં અપેક્ષિત આવક અને અંદાજિત અને ખર્ચનું અંદાજપત્ર બનાવી ચેરીટી કમીસરને મોકલવાનું રહે છે. અન્ય રાજ્યોમાં આવો કાયદો નથી તેથી ખાસ કરીને આપણા વતનના કચ્છ-હાલારનાં ગામોનાં મહાજનો ટ્રસ્ટોના વહીવટ કર્તાઓને અંદાજ પત્ર બનાવવાનું ફરજિયાત નથી પરંતુ તેઓ પોતાના ગામોનાં દેરાસરજી, પાંજરાપોળ, અતિથિગૃહ જેવા ઉદેશાર્થ જાહેર અપીલો કરતા હોય છે, તેવી જ રીતે અન્ય રાજ્યોમાં વિવિધ શહેરોનાં આપણા ટ્રસ્ટો અને મહાજનોના સંચાલકો સ્થાનિક દેરાસરજી જેવા હેતુસર અનુદાનો આપવા અપીલો કરતા હોય છે તેમજ સંબધિત જ્ઞાતિજનોનો સંપર્ક કરતા હોય છે તે ટ્રસ્ટીએ તેમની સંસ્થાઓના રાબેતાના આવક ખર્ચની વિગતો ઉપરાંત આગામી વર્ષ કે વર્ષોમાં જે નવાં આયોજનો કરવાનો તેમણે નિર્ધાર-નિર્ણય લીધો હોય તેની રૂપરેખાની રજુઆત તેમના વતનનાં કે સ્થાનિક જ્ઞાતિજનો ઉપરાંત સમગ્ર જ્ઞાતિ સમક્ષ થાય તો તેને કારણે તેમની વહીવટી કુશળતા અને દીર્ઘ દૃષ્ટિની સાથેસાથ આ સંચાલકો પાસેથી જેની સૌથી વધારે અપેક્ષા રખાતી હોય છે અને જે ઇચ્છનીય પણ છે તે પારદર્શિતા વિશાલ જ્ઞાતિહિત માટે લાભદાયી નીવડે છે તેમાં બે મત ન હોઈ શકે.

''આપણા સૌનો વર્ષોનો અનુભવ છે કે ટ્રસ્ટીઓ કે મહાજનના અધિકારીઓ દેરાસરજી, ઉપાશ્રય, સભાગૃહ અતિથિગૃહની યોજનાઓ, તેની વિગતો અને તે સંબંધી થનાર અંદાજિત ખર્ચની માહિતી આયોજન પૂર્વે સંબંધિત વતનના ગામ કે સ્થનિક જ્ઞાતિજનો સમક્ષ રજુ કરતા નથી. તેને કારણે ખાસ કરીને તેના ખર્ચની રકમ અંગે તેઓ શંકા-કુશંકાનો લગભગ નિશ્ચિતપણે ભોગ બનતા હોય છે જે મહદંશે ગેરવ્યાજબી અને વધુ પડતા ખર્ચ બાબતે સત્ય હકીકત હોય છે. આ ઉપરાંત ટ્રસ્ટીઓ અને અધિકારી વર્ગ પોતાની યોજનાની પરિકલ્પના, ઉપયોગિતાઓ અને લાંબા ગાળાના લાભો અંગે વતનના કે સ્થાનિક જ્ઞાતિજનોનાં સૂચનો આવકારવા ખુલ્લું મન રાખી મુક્ત ચર્ચા વિચારણા કરે તો તેને કારણે પાછળથી થતા વાદ-વિવાદની શક્યતા નગણ્યપણે ઓછી રહેતી હોવાથી જ્ઞાતિજનો કટુતાથી દૂર રહે છે જે જ્ઞાતિહિત માટે લાભપ્રદ બને છે.

મહારાષ્ટ્રમાં અને તેમાં પણ મુંબઈમાં આપણી જ્ઞાતિની પ્રમુખ સંસ્થાઓ ટ્રસ્ટો અને મહાજનોની પ્રવૃતિઓ અને આયોજનો ન કેવળ ત્યાં વસતા જ્ઞાતિના લગભગ ૬૫થી ૭૦ ટકા કુટુંબોને સ્પર્શે છે પરંતુ તે શેષ જ્ઞાતિજનો માટે પણ નાના કે મોટા સ્વરૂપે લાભકર્તા બનતા રહ્યા છે.

આમાં મુખ્યપણે વિદ્યાર્થીગૃહ, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ અને ઉત્કર્ષ કેળવણી ટ્રસ્ટ જેવી સંસ્થાઓ તો સમગ્ર જ્ઞાતિને લાભાર્થી સ્વરૂપે સ્વીકારતી હોવાથી તેમની વિશાળ વ્યાપકતા કરતાં પણ છેલ્લાં ૭૦-૮૦ વર્ષ દરમ્યાન તેમને કારણે જ્ઞાતિને સંપૂર્ણતઃ સાક્ષરતાની કક્ષાએ લાવવા ઉપરાંત જે અનેકાનેક કર્મશીલો અને કાર્યકરો મળ્યા છે તેનું મહત્વ સર્વાધિકપણે છે તે એક સર્વસ્વીકૃત હકીકત છે, તે દૃષ્ટિએ તેમણે ખાસ કરીને આવનારા વર્ષ કે વર્ષોમાં શિષ્યવૃત્તિઓ, લોન જેવી બાબતે તેમજ વિદ્યાર્થીગૃહના નવનિર્મિત સંકુલની જાળવણી તેમજ મ્યુનીસીપલ અને ઇત્યાદી વેરાઓ માટે થનાર ખર્ચની વિગતો સામે અનુદાનો દ્વારા આવકનું પાસું સરભર કરવા વિષે વિચારણા કરીને અંદાજપત્ર બનાવવું પડશે. જે જ્ઞાતિ સમક્ષ રજુ થશે તો જ જ્ઞાતિની અન્ય સંસ્થાઓના ભપકાદાર કાર્યક્રમો પાછળ થતા બીનજરૂરી વેડફાટ માટે અનુદાન આપવાને બદલે સમજદાર જ્ઞાતિજનો ઉક્ત શૈક્ષણિક સંસ્થાઓને અગ્રક્રમ આપશે.

અલબત્ત, જ્ઞાતિના ૧૧૫ વર્ષ જુના વિદ્યાલયના ટ્રસ્ટીઓ પોતે જાણે દાયકાઓથી સ્વેચ્છાએ જ્ઞાતિથી વિમુખ થઈ ગયા હોય તે પ્રકારના તેમના અભિગમને લીધે તેમનું અંદાજપત્ર જ્ઞાતિ સમક્ષ રજુ થાય કે ન થાય તેથી જ્ઞાતિને ફેર પડતો નથી તે પરિસ્થિતિ જ્ઞાતિની એક દયનીય કમનસીબી છે. આમ છતાં જ્ઞાતિ સમક્ષ અંદાજપત્ર રજૂ કરીવાની જવાબદારીમાંથી તેના ટ્રસ્ટીઓ છટકી શકે નહીં.

મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના અધિકારીઓ અને ટ્રસ્ટીઓ વ્યવહારમાં અને જ્ઞાતિ સમક્ષ ઉભરેલી તેમની પ્રતિમાની દૃષ્ટિએ એકરૂપતા અને સામ્યતા ધરાવે છે. આ વહીવટકર્તાઓએ પ્રારંભમાં (એપ્રિલ-મે ૨૦૧૫માં) દર્શાવેલ પારદર્શિતા ક્રમશઃ ઓછી થતી રહી છે તેથી અને તેમની કાર્યપધ્ધતિ અને આયોજનો બાબતે છેલ્લા છ એક મહીનાઓથી જ્ઞાતિમાં થઈ રહેલા તર્ક વિતર્કોની દૃષ્ટિએ તેઓ સત્વરે પારદર્શી અભિગમ અપનાવે તે આ તબક્કે બહુ જ જરૂરી બન્યું છે, તેમ કોઈ પણ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે.

નવી મુંબઈમાંના મહાજનવાડી, અતિથિગૃહ અને સભાગૃહના સંયુક્ત સંકુલ વિષે આ વહીવટકર્તાઓ જાણે નિષ્ક્રિય છે તેમજ 'અનંતછાયા'ની કાયદેસરની માલિકી હજી પણ અનંતનાથજી ટ્રસ્ટ પાસે હોવા છતાં ટ્રસ્ટીઓએ વ્યવહારમાં તે ત્યજી દીધી છે તેવી છાપ ઊભરી રહી છે.

મુંબઈ મહાજનશ્રીના ભૂતપૂર્વ સંચાલકોનો ૩૧માર્ચ ૨૦૧૫ના કાર્યભાર પૂરો થયો ત્યારે મહાજન પાસે કોઈ પુરાંત સિલક ન હોવાથી નવી મુંબઈના પ્રકલ્પ પૂર્ણ કરવા માટે સાત-આઠ કરોડ જેટલા ખર્ચની રકમ ઊભી કરવાની જવાબદારી નવા અધિકારીવર્ગે નિભાવવી પડે તે એક વિકટ કામ છે. અલબત્ત, ત્યાંના સભાગૃહનું બાકીનું કામ પુરું કરી તેનું ઓક્યુપેશન સર્ટિફિકેટ મેળવવા સુધીની વિધિ માટે ૨૦-૨૫ લાખનો જ ખર્ચ કરવો પડે તેમ છે એ પ્રકારનો અંદાજ ભૂતપૂર્વ અધિકારીવર્ગ દ્વારા અપાઈ રહ્યો છે, તેને અનુલક્ષીને આ સમગ્ર સંકુલના સભાગૃહ, અતિથિગૃહ, મહાજનવાડી જેવા જુદા જુદા વિભાગો માટે થનાર ખર્ચની અલગ અળગ સૂચિની વિગતો તેમજ આગામી વિવિધ કાર્યક્રમો અને આયોજનોના અંદાજિત ખર્ચની વિગતો વર્તમાન વ્યવસ્થાપક સમિતિ અને અધિકારીવર્ગે પૂરતો અભ્યાસ કરી તૈયાર કરી જ હશે તેથી આ સંકુલ માટે આગામી વર્ષમાં ખર્ચની કેટલી ફાળવણી કરી શકાય અને અન્ય કઈ કઈ પ્રવૃત્તિઓ થઈ શકશે તેનું પ્રતિબિંબ જ્ઞાતિને મહાજનના અંદાજપત્રમાં મળવું જોઈએ.

તેવી જ રીતે 'અનંતછાયા' અંગે ચેરીટી કમીશનરના હુકમ અનુસાર તેની વેચાણ કિંમત પર પ્રાપ્ત થતા વ્યાજની આવકનો ઉપયોગ ટ્રસ્ટીઓ ટ્રસ્ટના હેતુઓ માટે કરી શકે છે. તે જોતાં વેચાણ કિંમત પેટે અત્યારસુધી મળેલા ચાલીસેક કરોડ પરના વાર્ષિક ત્રણેક કરોડની વ્યાજની આવક સામે ટ્રસ્ટના ક્યા હેતુઓ માટે કેટલા ખર્ચની ફાળવણી કરવાની ટ્રસ્ટીઓની યોજના છે તેનો સંકલ્પ જ્ઞાતિને ટ્રસ્ટના અંદાજપત્રમાં નિહાળવા મળવો જોઈએ.

ટ્રસ્ટીઓ ભાંડુપની 'અનંતસિધ્ધી'ની મિલકતનો પુર્નવિકાસ ટ્રસ્ટ દ્વારા જ કરવા માગે છે, બહારના ડેવલપર મારફત નહીં, તે પ્રકારનો પ્રચાર જ્ઞાતિમાં વહેતો થયો છે. જો તેમાં સત્યાંશ હોય તો ટ્રસ્ટીઓ તે માટેના પ્રારંભિક ફંડ કઈ રીતે ઉપલબ્ધ કરશે તેનો અથવા જો બહારની એજન્સી/ડેવલપર દ્વારા આ પુર્નવિકાસ કરવાની યોજના હોય તો તેનો પરોક્ષ ચિતાર પણ જ્ઞાતિ સમક્ષ અંદાજપત્રના માધ્યમ દ્વારા રજુ થવો જોઈએ.

એ જ રીતે 'કાંજુરમાર્ગ'ની મિલકત અંગે પણ ટ્રસ્ટીઓની કોઈ યોજના હોય તો તેના પ્રારંભિક આંકડાઓની માહિતી જ્ઞાતિને ટ્રસ્ટના અંદાજપત્ર દ્વારા મળવી જરૂરી છે.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની પાંચ વર્ષથી કાર્યાવધિનું પહેલું વર્ષ પૂરૂં થવામાં છે. અત્યારસુધીમાં ટ્રસ્ટની વિવિધ મિલકતોના રાબેતાના આવક-જાવકનું તેમજ તે દરેકના પુર્નવિકાસની ક્ષમતા અંગેનું ચિત્ર તેમને મળી ગયું હશે. માંડવી-મસ્જિદ બંદરમાં અનંતભુવન સિવાયની અન્ય સર્વ મિલકતો દેરાસરજી ખાતાની છે એટલે તેના ફંડસ


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

સાનુકૂળતાથી ઉપલબ્ધ રહે છે. આ મિલકતોના, તેમાં પણ અનંતનિવાસનો પુર્નવિકાસ કરવામાં આવે તો તેનાથી કોઈ વધારાની આવક નહીં થાય, ઉલ્ટું વધારાની લાગત ભોગવવી પડશે તે પ્રકારનાં કારણો આપીને ટ્રસ્ટીઓ આ મિલકતોના પુર્નવિકાસની વાત પડતી મૂકતા હોય તો તે યોગ્ય નથી.

જ્ઞાતિના પરમ આશા સ્થાન અનંતનાથજી જિનાલયની નજીક આપણી ઓછામાં ઓછા બસ્સોએક જેટલા કુટુંબોની વસતી રહેવી જ જોઈએ. તે માટે ખર્ચની મર્યાદા કે વધારાની લાગત જેવા પ્રશ્નો કરી શકાય જ નહીં. ટ્રસ્ટીઓએ આવા કારણ સિવાય જો અન્ય કોઈ કાનૂની કે ડી.સી. રેગ્યુલેશન જેવા ટેકનીકલ પરિબળને કારણે આ મિલકતોના પુર્નવિકાસ કરી શકાય તેમ નથી તેવો અભિપ્રાય મેળવ્યો હોય તો તેમણે જ્ઞાતિને તેવી સ્પષ્ટ વાસ્તવિકતાથી સત્વરે માહીતગાર કરવી જોઈએ, જેથી જ્ઞાતિજનોમાં આ મુદ્દે થઈ રહેલા તર્ક વિતર્કો પર પૂર્ણવિરામ આવી જાય.

આમ તો ભલે, અંદાજપત્ર તૈયાર કરવાની કાનૂની જવાબદારી મહારાષ્ટ્ર પૂરતી હોય પરંતુ જ્ઞાતિના દરેક ટ્રસ્ટ, મહાજન, એકમ, સ્થાનિક સંસ્થા, આ પ્રકારે અંદાજપત્ર તૈયાર કરી જ્ઞાતિ સમક્ષ મૂકશે તો તેને લીધે એના ટ્રસ્ટીઓએ કે અધિકારી વર્ગે ભવિષ્યની કઈ કઈ યોજનાઓ કે કાર્યક્રમો કરવાનો નિર્ણય લીધો છે, તેની આગોતરી જાણકારી જ્ઞાતિને અને ખાસ કરીને તે ટ્રસ્ટના લાભાર્થીઓને મળશે.

આમ, ટ્રસ્ટીઓ અને સંચાલકો સંબંધિત ટ્રસ્ટના વહીવટમાં પોતાની પરિકલ્પનાઓને સાકાર કરવા સંનિષ્ઠપણે સક્રિય અને સક્ષમ છે, તેવી પ્રતિમા ઉભારી શકશે અને તેની સાથોસાથ જ્ઞાતિમાં વહીવટી પારદર્શિતાનો માહોલ પણ ધીરે ધીરે સઘન બનતો જશે જેથી વિવિધ મહાજનો અને એકમો દ્વારા અલગ અલગ રીતે યોજના, સગપણ સંમેલન, સમૂહ લગ્ન, યુવા મિલન, યુવા વિનિમય જેવા સામ્યતા ધરાવતા આયોજનો અને શૈક્ષણિક સહાય, શિષ્યવૃત્તિ જેવી ઉમદા પ્રવૃત્તિઓ માટે સમુચિત સંકલન સેતુ રચી શકાય.

– રા.

## હૈદરાબાદના કચ્છી-ગુજરાતી-મારવાડી-જૈન આગેવાનો દ્વારા ત્યાંથી ભુજ અને બિકાનેર માટે સીધી રેલ સેવાની માગણી

હૈદરાબાદના પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન તથા અન્ય સંસ્થાના પ્રતિનિધિઓએ સિકંદરાબાદ ખાતેની દક્ષિણ ભારત રેલવે ઓફિસમાં દક્ષિણ-મધ્ય રેલવેના જનરલ મેનેજર રવીન્દ્ર ગુપ્તાને મળીને હૈદરાબાદથી ભૂજ અને બીકાનેરની રોજ દોડતી ટ્રેન શુરૂ કરવા બાબતનું આવેદન સોપ્યું હતું. જેમાં હૈદરાબાદથી મોટી સંખ્યામાં લોકો કચ્છ-રાજસ્થાન જાય છે તેથી આ ટ્રેન જરૂરી છે તેમ જ વ્યવહારીક રીતે સક્ષમ રહેશે તેમ જણાવાયું છે.

## શ્રી નાની ખાવડી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

એ-૨૦૩, અંજલી દર્શન, શ્રી અંબિકા નગર, એમ.જી. રોડ, ડોંબીવલી (વેસ્ટ). ફોન : ૦૨૫૧-૨૪૮૩૯૪૩

### શ્રી નાની ખાવડી ગામે ત્રિહાનિકા મહોત્સવ

**સ્નેહી જનો,**

**માદરે વતન નાની ખાવડી ગામે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠા બાદ પહેલી ધ્વજા સવંત ૨૦૭૨ જેઠ સુદ ૧૩ને શુક્રવાર તારીખ ૧૭/૦૬/૨૦૧૬ના આવે છે. આ ધ્વજાના પ્રસંગે તા. ૧૬/૦૬/૨૦૧૬ થી તા. ૧૮/૦૬/૨૦૧૬ સુધી ત્રિહાનિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે ગામ વાસીઓ તથા નિયાણી બહેનોને માદરે વતન નાની ખાવડી પધારવા ભાવભર્યું આમંત્રણ છે. અગાઉથી પોત પોતાની ટ્રેનની ટિકીટો બુક કરાવી લેશો જેથી બહોળી સંખ્યામાં આપણે હાજર રહી પ્રસંગ આનંદ ભેર ધામધુમથી ઉજવી શકીએ.**

**-: કાર્ય સૂચી :-**

| તા. ૧૬/૦૬/૨૦૧૬ને ગુરૂવાર | તા. ૧૭/૦૬/૨૦૧૬ને શુક્રવાર | તા. ૧૮/૦૬/૨૦૧૬ને શનિવાર |
|---|---|---|
| **અઢાર અભિષેક** | **સત્તરભેદી પૂજા અને ધ્વજા** | **સિદ્ધચક્ર પૂજન** |

**આ આયોજન ખર્ચને પહોંચી વળવા રૂા. ૭૫૦૦/- (રૂા. સાત હજાર પાંચસો)નો નકરો રાખવામાં આવેલ છે. સહયોગી દાતા પરિવારો આવકાર્ય છે. રહેવા તથા જમવાની સગવડ સંઘ તરફથી કરવામાં આવશે. આવનાર સ્નેહીજનો એ અગાઉથી કાર્યકર્તા ભાઈઓને તા. ૧-૬-૨૦૧૬ સુધી જાણ કરવી.**

**સંપર્ક :જયંતીલાલ નાગશી લોડાયા – 098208 68750 • પ્રદિપ પાશ્વીર લોડાયા – 091678 74934**
**દિલીપ દામજી લોડાયા – 093234 18666**

**લિ : શ્રી નાની ખાવડી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વધતા જતા આંતર જ્ઞાતીય લગ્નો

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૫માં શ્રી પ્રવિણભાઈ ધરમશીના લેખના સંદર્ભમાં જણાવવાનું કે મુંબઈ મહાજનશ્રી ''સગપણ સેતુ'' દ્વારા દર ૩/૪ મહીને ''પરિચય મિલન'' યોજી જ્ઞાતિના લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓનો પરીચય કરાવે છે. તા. ૨૫/૯/૨૦૧૫ ના યોજેલ છેલ્લા મિલનમાં પાંચ જોડીના સગપણ નક્કી થયા હતા. આગામી પરીચય મિલન રવિવાર, તા. ૧૦/૦૪/૨૦૧૬ ના રાખેલ છે.




જણાવતા ખેદ થાય છે કે જ્ઞાતિનો ૫૦% વર્ગ જેમાં મુખ્યત્વે શ્રીમંત તથા વધારે ભણેલા કુટુંબો છે તે માને છે કે એમના સંતાનો માટે જ્ઞાતિમાં યોગ્ય પાત્રો જ નથી. અને અન્ય જ્ઞાતિઓમાં શોધ્યા કરે છે. તેઓ સંતાનોને તેમની પસંદગીનો, અભ્યાસ કરવાનો અને તેમને ગમે તેવા મિત્રો સાથે ફરવાની છુટ આપે છે પણ જ્ઞાતિના ધાર્મિક / સામજીક પ્રસંગોમાં સાથે લાવતા નથી. આ સંતાનો એમની કોલેજમાં સાથે ભણતા / નજીકમાં રહેતા મિત્રો સાથે સંપર્ક વધારી લગ્ન કરી લે છે.

બાકીના ૫૦% જ્ઞાતિજનો નીચે જણાવેલ સમસ્યાઓમાં અટકવાયા કરે છે.

(૧) અમારું સંતાન ભણે છે / ભણીને નોકરી - ધંધામાં સ્થિર થયો નથી / પોતાનું ઘર નથી લીધું ત્યાં સુધી સગાઈ નથી કરવી. જે યુવાનો CA / MBA / BE પાસ કરે છે એમને સારી નોકરી તુરત મળે છે. જો તેમના વડીલો ઉપરોક્ત બહાનાઓમાં ટાઈમ કાઢે તો સારા પાત્રોની અન્ય સ્થળે સગાઈ થઈ જાય છે.

(૨) બધા યુવક / યુવતીઓને સર્વ ગુણ / રૂપ સંપન્ન સાથીદાર જોઈએ છે, જે ફક્ત થોડા નસીબવાનોને મળે છે. આ કારણ થકી ઘણા સંતાનો ૩૦/૩૫ વર્ષ ઉંમર પછી પણ અપરિણિત રહે છે. આવા પાત્રોએ ક્યાંક બાંધ છોડ કરીને પણ ૩૦ વર્ષની ઉંમર સુધીમાં સગાઈ કરી લેવી જોઈએ.

(૩) કેટલાક યુવક / યુવતીઓ સગપણ મિલનમાં ભાગ લીધા પછી કહે છે કે એમને વધારે ભણવું છે, એટલે બે વર્ષ પછી સગપણનો વિચાર કરશું. USA માં ૭૫% વિદ્યાર્થીઓ પરણ્યા પછી અનુસ્નાતક અભ્યાસ કરે છે. તમે પણ ભારતમાં પરણ્યા પછી અભ્યાસ કરી શકો છો.

(૪) ઘણા ઉમેદવારોને પોતાને કેવો સાથી જોઈએ છે એનો વિચાર જ નથી કર્યો. યુવકો ને ભણેલી છોકરી જોઈએ છે પણ નોકરી નથી કરાવવી. ૮૦% વધુ ભણેલી કન્યાઓ નોકરી કરવાનું પસંદ કરશે અને વડીલોએ ઘરની જવાબદારી સંભાળવી પડશે.

(૫) જ્ઞાતિના ઘણા યુવાનો / યુવતીઓ મેદસ્વી હોય છે જે સગપણ કરાવવામાં બાધકરૂપ બને છે. એમના વડીલોએ નાનાપણથી આ બાળકોનું ધ્યાન રાખી, કસરત / Diet કરાવી, પ્રમાણસર શરીર રાખવું જોઈએ. મોટા થયા પછી પણ ઈલાજ થઈ શકે છે.

(૬) શ્રીમંત વર્ગના અમુક કુટુંબોને એમના સંતાનોને જ્ઞાતિમાં પરણાવવાની ઈચ્છા હોય છે પણ જાહેર સગપણ મિલનમાં આવતા સંકોચ અનુભવે છે. તેવા બાળકો માટે આપણી યુવા સંસ્થાઓએ દર મહીને યુવાવર્ગને આકર્ષે તેવા કાર્યક્રમો યોજવા જોઈએ જેથી તેઓ એકબીજાનો પરિચય કેળવી સગપણ - પરિણય કરી શકે.

જ્ઞાતિ યુવક - યુવતીઓનાં લગ્ન જ્ઞાતિમાં જ થવા જોઈએ એમ હું વર્ષોથી દઢપણે માનતો આવ્યો છું. એટલે જ આ વિષે મેં હજી પણ (૮૦ વર્ષે) રસ - શોખ જાળવી રાખ્યા છે અને જ્ઞાતિના લગ્નોત્સુક યુવાઓની છેલ્લામાં છેલ્લી માહિતી અપડેટ કરતો રહું છુ.

- **રતિલાલ વાલજી ખોના** - 098331 19477

માટુંગા. ૧૦.૨.૨૦૧૬

### ''સાંધવ ગામનું ગૌરવ''

સોનગઢ મહાવીર રત્નાકર આશ્રમમાં અભ્યાસ કરતા ''જય'' તરુણભાઈ વિરચંદ લોડાયા (ઉ. ૧૪)એ ''સેન્ટ્રલ ગ્રાઉન્ડ બોર્ડ ઑફ ઈન્ડીયા'' દ્વારા આયોજીત "Water Conervation" હરીફાઈમાં ભાગ લઈ. 84, 868 હરીફોમાંથી અખિલ ભારતમાં ટોપ 50 માં અને સમગ્ર ગુજરાતમાં ટોપ 10 માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચી. ''જય''ને ખુબ-ખુબ અંતઃકરણ પૂર્વક શુભ-કામનાં ભવિષ્યમાં હજી પણ કુટુંબ ક્ષેત્રે, રાષ્ટ્ર ક્ષેત્રે અને સમાજ ક્ષેત્રે સારી એવી પ્રગતિ પ્રાપ્ત કરે એવી શુભ-કામના.

આઈ શ્રી દેશ-દેવિ મિત્ર મંડળ - ડોંબીવલી (મુંબઈ)ના કચ્છ માતાનાં મઢ જતાં સાયકલ વીરો નાં ''જય માતાજી''


જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
કલા કસબ અને કલરનો
અનોખો સમન્વય
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**
રવિવારે બંધ
મૂળ ઝવેરી બજાર ખાતે ૧૯૭૬થી

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રત દાદાય નમઃ ||

|| શ્રી નમો નમઃ તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ||

|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભસૂરીભ્યો નમઃ||

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

## ૪૦૦ વર્ષથી અધિક મોડપર પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલય તેમજ શ્રી આદિનાથ જિનાલયની જીર્ણોધ્ધાર સહ નવ - નિર્માણ બાદ

## દ્વિતિય ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે

મહોત્સવ પ્રારંભ
શુક્રવાર,
તા.: ૧૦.૬.૨૦૧૬

## ત્રિદાનીકા મહોત્સવે પધારવા

મહોત્સવ પૂર્ણાહુતિ
રવિવાર,
તા. ૧૨.૬.૨૦૧૬

# ભાવભર્યુ આમંત્રણ

**દિવ્ય કૃપા** : કચ્છ-ગચ્છના હૃદયસમ્રાટ, ભારત દિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજીમ.સા.**

**શુભ આશિષ** : તપસ્વીસમ્રાટ, સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ કૃપા-પ્રેરણા** : મોડપર તીર્થ જીર્ણોધ્ધારક, રાજસ્થાન દિપક, ઉગ્ર વિહારી, સરળ સ્વભાવી, સાહિત્ય દિવાકર
**પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**નિશ્રા પ્રદાન** : અચલગચ્છાધિપતિના આજ્ઞાઅનુસાર સૌરાષ્ટ્ર વિભાગમાં વિચરતા શ્રમણ-શ્રમણી વૃંદ
તેમની અનુકુળતા અનુસાર સંઘની વિનંતીને માન આપી પધારશે.

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૨, જેઠ સુદ ૬, શુક્રવાર, તા. ૧૦ જુન, ૨૦૧૬**

સવારના ૧૧.૩૦કલાકે : શ્રી સંઘના લાભાર્થી પરિવારો અને મહેમાનોનું સ્વાગત
બપોરના ૨.૩૦ કલાકે : શ્રી સુપાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા અને થાળ અર્પણ
સાંજના ૬.૩૦ કલાકે : સંગીતમય ભાવના - આરતી - મંગલદિવો - અઢાર અભિષેકના ૧૫ ચડાવા

**દ્વિતિય દિવસ : સંવત ૨૦૭૨, જેઠ સુદ ૭, શનિવાર, તા. ૧૧ જુન, ૨૦૧૬**

સવારના ૯.૦૦ કલાકે : શ્રી સુપાર્શ્વનાથ જિનાલય, શ્રી આદિનાથ જિનાલય અને શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિરમાં બધા ભગવાન તેમજ દેવી દેવતાના અઢાર અભિષેક અને થાળ અર્પણ
બપોરના ૪.૦૦ કલાકે : સંગીતમય ભાવના, બહુમાન સાલગિર રાસ નૃત્ય - આરતી મંગલદિવો - ચડાવા - વગેરે

**તૃતીય દિવસ : સંવત ૨૦૭૨, જેઠ સુદ ૮, (વર્ષગાંઠ દિવસ) રવિવાર, તા. ૧૨ જુન, ૨૦૧૬**

સવારના ૯.૦૦ કલાકે : વર્ષગાંઠ - ધ્વજા રોહણ નિમિત્તે સત્તરભેદી પુજા, પૂજન બાદ શાંતી સ્નાત્ર અને ૧૦૮ દિવાની આરતી તેમજ મંગળ દિવો.
બપોરના ૪.૦૦ કલાકે : સંગીતમય ભાવના દાતાઓના બહુમાન વગેરે પ્રાસંગીક વક્તવ્યા

**કાર્યક્રમનું સંચાલન: વિધિ વિધાન અને સંગીત અચલગચ્છના કોહીનુર શ્રી જય નંદુ અને તેમની મંડળી**

- દરરોજ સવારના ૭.૩૦ કલાકે નવકારશી
- દરરોજ સાધર્મિક ભક્તિ બપોરના ૧૨.૩૦ કલાકે
- દરરોજ ચા-કોફી બપોરના ૩.૩૦ કલાકે
- દરરોજ ચૌવિહાર સાંજના ૬.૦૦ થી સુર્યાસ્ત

## મહોત્સવ– ધ્વજામહોત્સવના લાભાર્થી પરિવારો

* **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલય ધ્વજા**
  **માતુશ્રી ગોમાબેન હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર, મોટી ખાવડી - ઘાટકોપર**
  **હ. અ.સૌ. જયશ્રી ઉત્તમ લોડાયા તથા કિંજલ જેનીલકુમાર આશર**
* **૯૯ ઈંચના વિરાટ શ્રી આદેશ્વર દાદા જિનાલય ધ્વજા**
  **અ.સૌ. હેમલતા મહેન્દ્ર, અ.સૌ. ઉર્મીલા અશોક,**
  **અ.સૌ. સંગીતા રાજેશ, અ.સૌ. સગીતા કિશોર લાપસીયા**
* **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી ગુરૂ મંદિર ધ્વજા**
  **માતુશ્રી નવલબેન જેતશી મેગજી શીયાલ પરિવાર, દલતુંગી - ડોંબીવલી**
  **હ. અ.સૌ. કલા નરેન્દ્ર, અ.સૌ. નીતા ચંદ્રેશ, અ.સૌ. મેઘા જતીન તથા કુ. રેવા જતીન શીયાલ**

### મહોત્સવ દરમ્યાન આદેશોનો લાભ લેવા નમ્ર વિનંતી

**શ્રી પંચ કલ્યાણક પૂજન :** રૂા. ૧૧,૦૦૦/-
**અઢાર અભિષેક :** ૧૫ આદેશો તથા મોડપર મુકામે ૧
**સવારની નવકારશી નકરો :** એક નવકારશી રૂા. ૫,૦૦૦/-(૩ નવકારશી)
**બપોરનું જમણવાર નકરો :** એક જમણવાર રૂા. ૧૧,૦૦૦/- (૩ જમણવાર)
**સાંજના ચૌવિહાર નકરો :** એક દિવસના રૂા. ૭,૫૦૦/- (૩ ચૌવિહાર)
**આખા દિવસની સાધર્મિક ભકિતનો લાભ :** ધ્વજાના દિવસે રૂા. ૫૧,૦૦૦/-
અન્ય દિવસે રૂા. ૨૧,૦૦૦/-
**મંડપ તથા સાઉન્ડ સર્વિશના રૂા. ૨૫૦૦૦/-**

નોંધ :
૧) મહોત્સવમાં આવનારે રહેવાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.
૨) નવકારશી, બપોરે જમણવાર, ચા-પાણી અને ચૌવિહારની વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવશે.
૩) લાભ લેનારના બેનર લગાડવામાં આવશે.

**સંપર્ક**
શ્રી ઉત્તમ લોડાયા - ૯૮૨૧૪૧૦૭૦૮
અને ટ્રસ્ટીગણ

**આમંત્રણ તેમજ ખાસ નોંધ :** રેલ્વેના નિયમ મુજબ ૪ મહિના અગાઉથી ટીકીટો બુક થવાના કારણે આપને આગોતરૂ આમંત્રણ આપતા હર્ષ અનુભવીએ છીએ અને આગ્રહભરી વિનંતી કે આપ સૌ બહોળી સંખ્યામાં આ મહોત્સવમાં પધારી સંઘની આન–બાન અને શાન વધારશો. આ કાર્યક્રમમાં સર્વે દાતા પરિવારો, ગામ, દેશ, વિદેશના સર્વે અચલગચ્છીય તેમજ આમંત્રીત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

**ભોજન શાળા : મોડપર મુકામે કાયમી ભોજનશાળા ચાલુ છે. લાભ લેવા વિનંતી**

## લિ. આપના આગમનના અભિલાષી

### શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ

| | | | |
|---|---|---|---|
| પંકજ કેશવજી ધરમશી | : **પ્રમુખ ટ્રસ્ટી** | નવીનચંદ્ર રતનશી શાહ | : **ખજાનચી ટ્રસ્ટી** |
| અશોક મણીલાલ દંડ | : **ઉપ–પ્રમુખ ટ્રસ્ટી** | મનોજ ભવાનજી ખોના | : **સહ ખજાનચી ટ્રસ્ટી** |
| સૂનીલ માણેકજી લોડાયા | : **ઉપ–પ્રમુખ ટ્રસ્ટી** | ઉત્તમ હેમરાજ લોડાયા | : **ટ્રસ્ટી** |
| જીવરાજ કીલાચંદ નાગડા | : **માનદ્ મંત્રી ટ્રસ્ટી** | રાજેશ કાંતીલાલ ધરમશી | : **ટ્રસ્ટી** |
| ભૂપેન્દ્ર લખમશી લોડાયા | : **સહ માનદ્ મંત્રી ટ્રસ્ટી** | દિલીપ ડુંગરશી લાપસીયા | : **ટ્રસ્ટી** |
| | | નરેન્દ્ર કુંવરજી ધરમશી | : **ટ્રસ્ટી** |

### કારોબારી સમિતી

નરેન્દ્ર જેતશી શિયાલ — ગુલાબચંદ ત્રિકમજી નાગડા — તિલકચંદ્ર જ્યંતીલાલ ખોના
ભરત લક્ષ્મીચંદ દૌલત — સોમચંદ ઠાકરશી ધરમશી

**ના જય જિનેન્દ્ર વાંચશોજી !**

**મુંબઈ કાર્યાલય :** શ્રી આર્ય જૈન કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭.
**મહેતાજી : શ્રી નિતિનભાઈ : ૦૨૨ - ૨૫૦૧ ૧૭૮૮ મો. : ૯૮૯૨૯ ૫૦૮૧૪**

**મોડપર કાર્યાલય :** મુ. પો. મોડપર, તા. લાલપર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, ગુજરાત-૩૬૧ ૨૮૦.
**પુજારી : શ્રી જયંતીભાઈ : ૦૮૧૪૧૮૩૦૧૧૯**

UPASANA-9820137767

## નલીયા (કચ્છ) મધ્યે પંદરમો નિ:શુલ્ક નિદાન કેમ્પ

# પંદરમો નિદાન કેમ્પ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

મોતા ફલીયા, નલીયા.( તા: અબડાસા ) કચ્છ. ફોન નં. ૦૨૮૩૧ - ૨૨૨૨૧૫

દ્વારા આયોજીત

## નિષ્ણાત તથા નામાંક્તિ ડોકટરો દર્દીઓનું નિદાન કરશે.

**દર્દીઓને કેમ્પના સ્થળે મફત (ફ્રી)દવાઓ આપવામાં આવશે.**

**આ નિદાન કેમ્પમાં આંખના રોગો, દાંતના રોગો, સ્ત્રી રોગો, હાડકાના રોગ અને જનરલ રોગોનું નિદાન કરવામાં આવશે. નેચરોપથી દ્વારા સારવાર પણ આપવામાં આવશે.**

જાહેર જનતાને આ કેમ્પનો લાભ લેવા વિનંતી

કેમ્પના સ્થળે દર્દીઓના નામની નોંધણી ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬ થી ચાલુ છે.

❖ તારીખ ❖

**૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૬ - રવીવાર**

❖ સમય ❖

**સવારના ૯:૩૦ થી બપોરના ૧:૩૦ સુધી**

❖ સ્થળ ❖

**શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન,**

**મોતા ફલીયા,**

**નલીયા.(કચ્છ)**

**❖ સૌજન્ય ❖**

પરમ પુજ્ય શ્રી વિજય શાંતીસુરીશ્વરજી મહારાજસાહેબના ભકતજનો તથા કેમ્પનાં સહયોગી દાતાશ્રીઓ

**❖ આયોજક ❖**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર,પહેલે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈ), મુંબઈ - ૪૦૦૦૭૧. ફોન નં: ૨૫૨૦૭૮૪૫ / ૪૬

**નોંધ : જે દર્દીઓએ અગાઉ કયાં પણ તપાસ કરાવી હોય તો તેના નિદાન રીપોર્ટ સાથે લઇ આવવા.**

## ભારતીય બેંકો અને આપણી જ્ઞાતિ - ભાગ ૫

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 098203 36767

૧૯મી સદીના આખરી દશકા અને વીસમી સદીના પ્રથમ દશકામાં ભારતમાં ઘણી બેંકો સ્થપાઈ જેમાં પંજાબ નેશનલ બેંક, કૉર્પોરેશન બેંક, બેંક ઑફ ઇંડિયા, કેનેરા બેંક, ઈંડીયન બેંક, સેંટ્રલ બેંક ઑફ ઇંડીયા મુખ્ય હતા. પરંતુ આ સૌમાં ગોરા (યુરોપીયન)ના સુકાન વગરની બેંક એટલે સંપૂર્ણ ભારતીય બેંક જે સંપૂર્ણ રીતે ભારતીયો દ્વારા સ્થપાઈ અને જેનું સંપૂર્ણ સંચાલન ભારતીયોના હાથમાં હતું એવી બેંક બનવાનું સદ્દભાગ્ય સેંટ્રલ બેંક ઑફ ઇંડિયાને મળ્યુ જે સર સોરાબજી પોચખાનવાલાની દીર્ઘ દ્દષ્ટિનું પરિણામ હતું, બ્રિટીશ માલિકી કે સંચાલનવાળી બેંકો ભારતીયો પ્રત્યે ભેદભાવ રાખતી. ભારતીયો ઉચ્ચ હોદા ઉપર આવે તેવું તેઓ ઈચ્છતા નહીં. જે હોદા માટે યુરોપિયનને રૂા. ૨૦૦૦ દર મહિને મળતા એજ કક્ષાના હોદા માટે ભારતીયોને રૂા. ૧૨૫ પ્રતિ મહિને અપાતા અને કેશીયરથી ઉપરનો હોદો તો મળતો જ નહીં. શીખાઉ બ્રિટીશરોને મહિને રૂા. ૨૫૦ પગાર અપાતો જ્યારે ભારતીયોને કંઈ પણ નહીં.

સોરાબજી પ્રથમ ચાર્ટડ બેંકમાં જોડાયા ત્યારે પગાર મહિને રૂા. ૨૦નો હતો. ચાર્ટડ બેંકમાં ૭ વરસ દરમ્યાન ખૂબ જ મહેનત કરી બેંકના તમામ વિભાગનો અનુભવ મેળવી લીધો. એક વખત ઈન્સ્ટીટ્યુટ ઓફ બેંકર્સ, લંડનનું જર્નલ એમના હાથમાં આવ્યું અને ઈન્સ્ટીટ્યુટની પરીક્ષા આપવાનું વિચાર્યું. પરંતુ મુશ્કેલ કાર્ય, કારણ આ પરીક્ષા માટે જરૂરી શિક્ષણ આપનારી કોઈ સ્કુલ/સંસ્થા મુંબઈમાં ન હતી. છતાં હિંમત હાર્યા વગર મહેનત કરી પરીક્ષા આપી. પ્રથમ પ્રયાસે ઈન્સ્ટીટ્યુટ ઓફ બેંકર્સની પાર્ટ-૧ની પરીક્ષા પાસ કરી. એ વખતે લંડન ઈન્સ્ટીટ્યુટ પાર્ટ-૧ માટે પાંચ ડોલર અને દ્વિતીય પાર્ટ માટે દશ ડોલરનું બોનસ આપતી પરંતુ આ રકમ સોરાબજીને ભારતીય હોવાથી ન અપાઈ. સોરાબજીને અપમાન લાગ્યું. છતાં હિંમત હાર્યા વગર પાર્ટ-૨ની પરીક્ષા પાસ કરી અને સર્ટીફાઈડ અસોસીએટ ઓફ ઈન્સ્ટીટ્યુટ ઑફ બેંકર, લંડન બનનાર પ્રથમ ભારતીયનું માન મેળવ્યું.

૧૯૦૬માં બેંક ઓફ ઇંડીયાની સ્થાપના ભારતીય વેપારીઓએ કરી. ત્યાં સુધી સોરાબજીએ ૭ વરસનો અનુભવ મેળવી લીધેલો અને સ્વદેશી અસર પુરેપુરી ખીલેલી તેથી એમને આશા બંધાઈ કે ઉચ્ચ પદ માટે એમની વરણી થશે. પરંતુ બેંકના પ્રમોટર્સએ યુરોપીયન મી. સીલીંગફેલોની વરણી બેંક મેનેજર તરીકે કરી અને સોરાબજીને આસીસટન્ટ એકાઉન્ટન્ટ પદ થી જ સંતોષ માનવો પડ્યો, ૨-૩ વરસમાં બે, એકાઉન્ટ મેનેજરો બદલાયા અને એમની ખાલી જગ્યા સોરાબજીએ સારી રીતે નિભાવી. તેઓ માનતા કે સંપૂર્ણ એકઝયુકેટીવ કારભાર ભારતીયોને નહીં અપાય ત્યાં સુધી ભારતીયોને ભેદભાવ સહન કરવો પડશે અને માનહાનીનો ભોગ બનવું પડશે તેઓને સતત લાગ્યા કરતું કે પશ્ચિમમાં બેંકીંગ પ્રચલિત થયું તે કરતાં ઘણા વરસો પહેલાં ભારતમાં બેકીંગ પ્રચલિત હતું અને હવે સમય પાકી ગયો છે કે ફરી ભારતીયોએ પોતાનું પ્રથમ સ્થાન હાંસલ કરવું જોઈએ.

એક વખત અમદાવાદના વેપારીઓ જનરલ મેનેજર સીલીંગ ફેલોને મળવા આવ્યા અને કહ્યું કે અમદાવાદમાં બેંકની શાખા ખોલવામાં આવે જેનું સંચાલન કરનાર મેનેજર ભારતીય હોય. સ્ટ્રીંગફેલોએ ખૂબ જ તિરસ્કારપૂર્વક જવાબ આપ્યો કે તમારી વિનંતી પુરી કરે શકે તેવી લાયકાતવાળો કોઈ ભારતીય નથી. આ સાંભળીને સોરાબજીને ખૂબ જ લાગી આવ્યું કારણ કે તેઓ આ હોદાને પુરેપુરા લાયક હતા. એમને લાગ્યું કે સંપૂર્ણ ભારતીયો દ્વારા સ્થાપિત અને ભારતીયો દ્વારા સંચાલિત બેંક સ્થાપના જ આ તુમાખી ગોરાઓને જડબાતોડ જવાબ હોઈ શકે. અને આ રીતે સેંટ્રલ બેંક ઓફ ઇંડિયા સ્થાપવાનો વિચારનો જન્મ થયો. પરંતુ આ કાર્ય એટલું આસાન ન હતું. જરૂરી હતી ૧૦ થી ૩૦ લાખ રૂપિયાની જે મેળવવી મુશ્કેલ કારણ ભારતીઓના આ સાહસમાં લોકો રોકાણ કરવા આગળ આવશે નહીં. કોઈ અંગ્રેજો સામે થવા આગળ નહી આવે. સોરાબજીનું અંગ્રેજી ઉપર સુંદર પ્રભુત્વ હોઈ અને પારસી હોવાથી ગુજરાતી જાણકાર હોઈ એ વખતે મોટા ભાગનો વ્યાપાર વેપારીઓ વચ્ચે તેઓ સેતુ સમાન હતા અને તેથી તેઓ વેપારીઓ સાથે ખૂબ જ સારા સંબંધ ધરાવતા હતા. એમની મિત્રતા એમની ઉમરના સાહસિક વેપારી આપણી જ્ઞાતિના વિરલા શ્રી કલ્યાણજી વર્ધમાન જેતસી


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**



**જરી કસબનો નવો સ્ટોક શ્રી મહાવીરમાં - માટુંગા**

- ટેસ્ટેડ કસબની સાડી ચણીયા - ચોલી
- પીટા અને કસબની ઘરચોળાની બોર્ડરો
- બટ કસબના નવા સેમ્પલો
- પ્લેઈન જોર્જટ સાડી મટીરીયલ
- દરેક પ્રકારનું ભરતકામ ઑર્ડરથી કરાવી આપીશું
- ફેન્સીબ્લા અને બોર્ડરોમાં નવો સ્ટોક

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

૧/૩૫૬, રાજ નિકેતન, માટુંગા પોસ્ટ ઑફિસ સામે,
તેલંગ રોડ, માટુંગા (C.R.) મુંબઈ - ૪૦૦ ૦૧૯.
ફોન : 2411 5906 / 86522 39537 • સોમવારના બંધ

વિકમશી સાથે હતી. પરજાઉના કલ્યાણજી શેઠ મે. વર્ધમાન જેતસી એન્ડ કાં.ના માલિક હતા અને રૂ બજારમાં આ પેઢી આગવું નામ હતી.

સોરાબજીએ અંગ્રેજોના અન્યાયની વાત કલ્યાણજી શેઠને જણાવી. શેઠ પણ અંગ્રેજીની તુમાખીનો ભોગ બનેલા. ધિરાણ માટેની એમની અરજી બેંક ઓફ ઇંડિયામાં અટકી પડેલી અને એનું કારણ ભારતીય તરફી ભેદભાવભરી નીતિ હતી. સોરાબજીએ બેંક સ્થાપવાના કાર્યમાં સાથ આપવાની વાત કરી. કલ્યાણજી શેઠે તુરતજ હા પાડતા  સ્થાપનાનો શરૂઆતનો તમામ ખર્ચ ભોગવવાની તૈયારી બતાવી તથા પોતાની વગ દ્વારા જરૂરી નાણા મેળવી શકીશું એમની ખાત્રી આપી. એ વખતના ધિરાણ કરનારા મોટા ફાયનાન્સરો અને વેપારીઓનો સંપર્ક કરવાનું ચાલુ કર્યુ. લલુભાઈ શામળદાસ, પરસોત્તમ ઠાકુરદાસ, ફીરોઝ શેઠના, મનમોહનદાસ રામજી, ફિરોઝભાઈ ચીનાઈને મળ્યા પરંતુ તેઓને આ યુવાનોની વાત નાના મોઢે મોટી લાગી. બન્ને ૨૮ વરસના યુવાન, વિચારો ક્રાંતિકારી અને ક્ષમતા પર ભરોસો નહી. કલ્યાણજી અને સોરાબજી નિરાશ ન થયા, કાર્ય ચાલુ રાખ્યું.

મેનેજર સ્ટ્રીંગફેલોને યુવાનોના આ પ્રયાસની ગંધ આવી ગઈ. શરૂઆતમાં આ વાત એમને મજાક જેવી લાગી. જ્યારે સત્ય જાણ્યું ત્યારે સોરાબજીને બોલાવી કહ્યું ''ભારતીય માલકિની અને ભારતીયો દ્વારા સંચાલિત બેંક સ્થાપિત કરવાનું સ્વપ્ન છોડી દો ! બેંકનું સંચાલન કરવાનું ભારતીયોનું ગજું નહીં''

અંગ્રેજે કડક શબ્દમાં ધમકી આપી, ''કાં તો નવી બેંકનો વિચાર છોડી દે ! નહિતર બેંકની નોકરીમાંથી રાજીનામું આપો.'' પ્રત્યુત્તરમાં સોરાબજી એ કહ્યું ''સર, મેં મારૂ મન મકકમ કરી લીધું છે. એક દિવસ મારી બેંક તમારી બેંક કરતા મોટી હશે.'' સોરાબજીની આવા મકકમ જવાબનું પીઠબળ હતા આપણાં કલ્યાણજી શેઠ, કારણ સોરાબજીનો પરિવાર પણ તેઓ આવી સારી નોકરી છોડી નવી બેંકની ઝંઝટમાં પડે તેની વિરુધ્ધમાં હતો. મોટા ભાગની સિધ્ધી ઉચ્ચ મહત્વકાંક્ષા અને સામા પ્રવાહે તરવાની તાકાત અને ઇચ્છાથી આવે છે. બેંક દ્વારા કલ્યાણજી શેઠને મળતું ધિરાણ બંધ થઈ જવાનો ભય હતો પરંતુ કચ્છી ખમીર નબળુંન હોય કે વિપત્તોથી ડરી જાય !

સોરાબજી પોચખાનવાલા અને કલ્યાણજી શેઠ બેંકની શરૂઆતની તૈયારીમાં મંડી પડ્યા. સૌ પ્રથમ બેંક માટે યોગ્ય જગ્યા મેળવવાની હતી. એ સમયમાં ઈસ્ટર્ન બેંક જે ગ્રોસામ બિલ્ડીંગ ફોર્ટમાં હતી, તે બંધ થયેલ તેથી તેની જગ્યા ખાલી હતી. આ જગ્યાની માલિકી એસ.એન.વિકાજી નામના પારસીની હતી તેઓ ઈસ્ટર્ન બેંકમાં કેશીયર પણ હતા. સારોબજી અને કલ્યાણજી શેઠે પારસીની જગ્યા મહિને રૂા. ૬૦૦/-ના ભાડે નક્કી કરી અને વિકાજીને સ્થાપનારી સેંટ્રલ બેંક ઓફ

---

**પ્રથમ પુણ્યતિથિ**

# પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

**૯ મી પુણ્યતિથિ**



શ્રીમતી ઊર્મિલા ગોવિંદજી લોડાયા
દેહવિલય : ૧૧-૨-૨૦૧૫

આપે ચંદનની જેમ ઘસાઈને કુટુંબને સુગંધ બક્ષી છે. બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી બાળકોને પગભર કરી સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ અને પરોપકારી સ્વભાવ તેમ જ અનન્ય કોઠાસૂઝ અમારા સૌ માટે માર્ગદર્શક બની રહેશે. અગણિત છે ઉપકાર તમારા જે કયારેય વિસરાશે નહિ. પ્રભુ આપનાં નિર્મળ આત્માને જયાંપણ હોય ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના



શ્રી ગોવિંદજી દેવજી લોડાયા
દેહવિલય : ૨-૨-૨૦૦૭

**શ્રધ્ધાના સુમન અર્પનાર**

માતા-પિતા : સ્વ. રાજબાઈ દેવજી આણંદજી લોડાયા કચ્છ : સાંયરા
બહેન-બનેવી : સ્વ જયવંતીબેન ચાંપશી ધરમશી પરિવાર કચ્છ : સુથરી
પુત્ર-પુત્રવધૂ : શ્રીમતી રચના - અલ્પેશ ગોવિંદજી લોડાયા   પૌત્ર : સૌર્ય - કચ્છ : સાંયરા (ડોંબીવલી)
પુત્રી-જમાઈ : શ્રીમતી નયના - નરેશ પ્રેમચંદ છેડા   દોહિત્ર : કરણ - કચ્છ : તેરા (માટુંગા)
પુત્રી-જમાઈ : શ્રીમતી નિતલ - હરીત હિરાચંદ લાલકા   દોહિત્ર : પાર્થ અને પરખ - કચ્છ : વારાપધર (ઇંદોર)

વેવાઈ પક્ષ : સ્વ. રતનબાઈ શીવલાલ મેઘજી મુનવર પરિવાર કચ્છ : જખૌ (ગદગ)
સ્વ. ઉષા તથા શ્રી હરિશ શિવલાલ મુનવર
શ્રીમતી અમિષા - રવિંદ્ર હરિશ મુનવર તથા ચી. દેવ (પૂના)
શ્રીમતી અર્ચના કૌશિક મહેન્દ્ર નાગડા કચ્છ : રંગપૂર (પૂના)
શ્રીમતી લક્ષ્મીબેન મહેશ ખત્રી પરિવાર કચ્છ : વારાપધર (અમદાવાદ)

JYOTI GRAPHICS, GDG 9448422072

ઈંડિયામાં કેશીયર તરીકે જોડાવા સમજાવી લીધા.

ત્યાર બાદનું કાર્ય બોર્ડમાં સારા ડાયરેક્ટર નક્કી કરવાનું હતું જેથી લોકોમાં વિશ્વાસ બેસે કારણ બેંક લોકોના વિશ્વાસથી જ ચાલતી હોય છે. બોર્ડમાં જોડાવવા મનચેરશા ફરામજી ખાન, અરદેસર બમનજી દબાસ, આપણી જ જ્ઞાતિના શેઠ માણેકજી જેઠાભાઈ વર્ધમાન મોતા (જખૌના મે. માણેકજી જેઠાભાઈ એન્ડ કું.)ના મુલજી હરીદાસ (લોખંડના વેપારી), રાધાકિસન લખમીચંદ (મારવાડી શ્રોફ), મોતીદાસ કાનજી (પીસ ગુડઝ મર્ચન્ટ), હાજી દાઉદ હાજી ઈલીયાસ (મરચન્ટ અને શ્રોફ), જમસેતજી એચ. ચોથીયા (પીસ ગુડઝ મર્ચન્ટ), શેઠ કલ્યાણજી વર્ધમાન અને સોરાબજી પાચખાવાલાનું નક્કી કર્યું.

હવે પછીનું કાર્ય ચેરમેનની શોધ કરવાનું હતું. સુકાની બાહોશ, વગદાર અને પ્રભાવશાળી હોવો જરૂરી હતું અને તો જ પ્રોજેક્ટ પાર પડી શકે. નજર દોડાવતા સોરાબજી અને કલ્યાણજી શેઠની નજર સર ફિરોજશાહ મહેતા પર અટકી. મહેતા ઈન્ડીયન નેશનલ કૉંગ્રેસના સ્થાપક, પોલીટીકલ લીડર, પ્રથમ માસ્ટર્સ ડીગ્રીધારી પારસી, લંડનના બેરીસ્ટર, મુંબઈ મ્યુનિસીપલ કૉર્પોરેશનના સ્થાપક, મ્યુનીસિપલ કમીશનર ૧૯૭૩, પ્રસીડેન્ટ ૧૮૮૪, ૮૫, ૧૯૦૫, ૧૮૯૦માં ઈન્ડીયન નેશનલ કૉંગ્રેસ પ્રમુખ, બોમ્બે પ્રેસીડન્સી એસોશીએશનના પ્રમુખ અને નામાંકિત વકીલ હતા. પરંતુ એમનો સંપર્ક કરવો મુશ્કેલ. નશીબ જોગે કેશીયર વિકાજી લેડી મહેતાને ઓળખતા હતા એમના દ્વારા ફિરોજશાહ મહેતાને મળવાનું આસાન બન્યું.

સર ફિરોજશાહ મહેતાને સોરાબજી અને કલ્યાણજી શેઠે બેંકમાં ચેરમેન તરીકે જોડાવવાની વિનંતી કરી. સર ફિરોજશાહ મહેતા પણ દેશદાઝથી ભરપૂર હતા. એમણે કહ્યું ‘ક્રેડીટ બેંક ઓફ ઇંડિયાએ મને ચેરમેન તરીકે જોડાવવાની ઑફર કરેલ પરંતુ તેમના મેમોરંડમમાં થોડી કોલમો બરાબર ન હોવાથી હું જોડાયો નથી.'' સોરાબજી અને કલ્યાણજી શેઠે તુરતજ સર ફિરોજશાહ મહેતા ઇચ્છે તેમ મેમોરંડમમાં ફેરફાર કરવાની તૈયારી બતાવી. શ્રી મહેતાએ આમંત્રણ સ્વીકાર્યું. ૧૫મી માર્ચના ૨૦ લાખ રૂપિયાની ૫૦ રૂપિયાના ૪૦૦૦૦ શેર કેપીટલથી ભરણું ભરાયું. ૧૧મી ડીસેમ્બર ૧૯૧૧ના બેંકની શરૂઆત.

વેપારી વર્ગમાં કલ્યાણજી શેઠની ખૂબ જ સારી નામના પ્રથમ દિવસે જ ઘણાં વેપારીઓએ બેંકની મુલાકાત લીધી. ૭૦થી વધારે કરંટ ડીપોઝીટ એકાઉન્ટ અને દોઢ લાખ જેટલી ડિપોઝીટ પ્રથમ અઠવાડિયામાં મળ્યા. કલ્યાણજી શેઠની વિચક્ષણ બુધ્ધિથી માંડવી વ્યાપારી સત્તામાં બેંકની પ્રથમ શાખા ૧-૫-૧૯૧૨ના શરૂ થઈ. ૧૯૧૩માં કરાંચી શાખા ખોલી. ૧૯૧૫માં મેઈન બ્રાન્ચ એલીસ બીલ્ડીંગ, ડી.એન. રોડ, ફોર્ટ તથા માર્ચ ૧૯૨૧માં તાજ બિલ્ડીંગ અને ૧૯૨૩માં તાતા ઈન્ડસ્ટ્રીયલ બેંક સેંટ્રલ બેંકમાં ભળતા વર્તમાન સ્થળ એમ.જી.રોડ પર આવી. એચ.ડી.એફ.સી.ના દિપક પારેખના દાદા શ્રી ઠાકોરદાસ પારેખ, શ્રી એ.એસ.બલસેકર પણ બેંક ઓફ ઈંડિયા છોડી સેંટ્રલ બેંકમાં જોડાયા. સોરાબજી પોચખાનવાલા મેનેજર તરીકે રૂા. ૮૦૦ના પગારથી ૧૦ વરસ કાર્ય બાદ ડાયરેક્ટર બન્યા.

સેંટ્રલ બેંકે શરૂઆતમાં ખૂબ જ ચઢાવ ઉતાર જોયા. ૧૯૧૩ની બેંકીંગ કટોકટી ખૂબ જ ભયાનક હતી અને ૧૮૬૩-૬૪ના સમયથી પણ ખરાબ હતી. સંચાલકોની અણઆવડત, ગેરરીતીઓ અને પ્રથમ વિશ્વબુધ્ધની અસરથી ૯૪ જેટલી બેંકો બંધ થઈ ગઈ. કટોકટીની શરૂઆત પીપલ્સ બેંક ઑફ ઈંડિયા લાહોરથી થઈ જેનું ૭૦% ધિરાણ ડાયરેક્ટર અને તેના ઓળખીતાઓએ પુરતી સીક્યુરીટી વગર લીધેલું પંજાબમાં ૩૫ બેંકો નિષ્ફળ ગઈ મુંબઈ ઉપરપણ અસર થઈ. ક્રેડીટ બેંક ઑફ ઈંડિયા, ધી બોમ્બે બેંકિંગ કોર્પોરેશન નિષ્ફળ થયા. ઈન્ડીયન સ્પેસી બેંક પણ મોતી (Gems) અને શેરોના રોકાણને કારણે નિષ્ફળ ગઈ. મોતીની કિંમતમાં તીવ્ર ઘટાડો થતા જહાંગીર બોરામજી દલાલ મોતીના મોટા વ્યાપારી નિષ્ફળ અને બેંક તા. ૨૯-૧૧-૧૯૧૩ના બંધ. બેંકના મેનેજીંગ ડાયરેક્ટ સારૂ જ્ઞાન અને આવડત ધરાવતા હતા છતાં બેંકના અન્ય કર્મચારીઓ જેઓ એમના જ માણસો હતા એમની બેઈમાનીથી બેંક બંધ થઈ એજ દિવસે આઘાત થી. શ્રી સરૈયા પણ અવસાન પામ્યા. શંકા આપઘાતની ઈન્ડીયન સ્પેસી બેંકમાં સેંટ્રલ બેંકનું ઘણું રોકાણ છે એવા સમાચારોએ બેંકમાં ડિપોઝીટ ઉપાડવાનો ધસારો થયો. હરીફ બેંકોએ ફાયદો ઉઠાવી અફવા દ્વારા બેંકને બદનામ કરવાનું ચાલુ રાખ્યું, ડીપોઝીટ ૧૨ દિવસમાં ઘટીને ૮૮લાખ પરથી ૪૧ લાખની થઈ ગઈ. સર ફિરોજશાહ મહેતા, ચેરમેને પોતાની મિલકતોના ટાઈટલ ડીડ આપી પૈસા જમા કરાવ્યા. સોરાબજીએ પોતાની પત્નીના દાગિના વેંચી પૈસા જમા કરાવ્યા. અન્ય ડાયરેક્ટરો પણ આગળ આવ્યા. કલ્યાણજી શેઠે પોતાની વગ દ્વારા વેપારીઓને સમજાવી બેંકની પ્રતિષ્ઠા સ્થાપિત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો. ડાયરેક્ટરોએ જમા કરાવેલી રકમ


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

MOTA SHIPPING AGENCY

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

પર્યાપ્ત ન હતી. પરંતુ આવા પ્રયાસથી લોકોમાં બેંક પ્રત્યે વિશ્વાસ ફરી સ્થાપિત થયો અને આફત ટળી.

અનેક તડકી છાંયો જોયા બાદ બેંક આજે ૧૦૫ વરસે અડીખમ ઊભી છે. આપણાં વિરલા કલ્યાણજી શેઠના પ્રયાસથી સ્થાપિત થયેલ બેંક ઉપર આપણે સૌ ગૌરવ લઈ શકીએ. કલ્યાણજી શેઠની પેઢી વર્ધમાન જેતસી એન્ડ કાં. રૂ બજારની નામાંકિત પેઢી હતી જેમણે કોલાબામાં લાઈન બંધ અનેક ગોદામો બનાવ્યા હતા જે વર્ધમાન લાઈન્સ તરીકે ઓળખાતી. વર્ધમાન જેતસીના નામે મસ્જીદ વિસ્તારમાં એક માળો પણ હતો. કલ્યાણજી શેઠના પિતા વર્ધમાન જેતસી વિકમસીએ શાહ નેણસી દામજી તથા શાહ તેજપાર વિરઘોર સાથે મળી સં. ૧૯૫૨ વૈશાખ સુદ ૧ના તા. ૨૫-૪-૧૮૯૬માં પરજાઉમાં સંયુક્તપણે ચંદ્રપ્રભુજીનું જિનાલય નિર્માણ કરેલ છે. કલ્યાણજી શેઠ મુંબઈ મહાજનના કારોબારીના સક્રિય સભ્ય હતા.

૪ અંગ્રેજી સુધી જ અભ્યાસ કરી શકેલ કલ્યાણજી શેઠે અપાર કોઠા સુઝથી ભારતીયની ભારતીય દ્વારા ચાલતી પ્રથમ બેંકનું નિર્માણ કરી સાબિત કરી આપ્યું કે જો ઈરાદા મજબૂત હોય તો કોઈ કાર્ય અસંભવ નથી.

૧૯૪૭માં ભરાયેલ પ્રથમ સંમેલનમાં જ્ઞાતિ ભાઈઓના ઉત્કર્ષ માટે સહકારી બેંકની સ્થાપનાનો ઠરાવ શેઠ શ્રી રાયચંદ પિતાંબર નાગડા, ખંડવાએ રજૂ કરેલ પણ કાર્ય થયું નહીં.

ફરી દ્વિતીય સંમેલન વખતે હુબલીમાં જ્ઞાતિ ઉત્કર્ષ માટે સરકારી બેંકની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો. સંમેલન બાદ જ્ઞાતિ યુવાનો શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણીના વડપણ હેઠળ મુંબઈમાં મળ્યા. બેંકની સ્થાપનાને નક્કર સ્વરૂપ શ્રી વીરચંદ લાલજી મુનવર અને શ્રી પ્રવિણ દેવજી ખોના ને મુખ્ય પ્રમોટર તરીકે નિયુક્ત કર્યા. જરૂરી ભંડોળ માટે મુંબઈ અને બહારગામના જ્ઞાતિજનોએ સંપૂર્ણ સહયોગ આપ્યો. તા. ૨૫-૧-૧૯૮૪ના ૨૨૪૦ સભ્યો અને રૂા. ૪,૭૮,૩૦૦ ના શેર ભંડોળથી અરિહંત બેંકની સ્થાપના અને પ્રથમ શાખા તા. ૬-૫-૧૯૮૪ના ભાંડૂપ અનંતસિદ્ધિ સંકુલમાં ઉદઘાટન થયું. આજે ભાંડૂપ, મુલુંડ, ઘાટકોપર (ઈસ્ટ), મોહીલી વીલેજ, ડોંબીવલી, ચીંચબંદર, વાશી એ.પી.એમ.સી., થાણા ખાતે બ્રાન્ચો તથા વિક્રોલી ખાતે હેડ ઓફીસ તથા રૂા. ૭.૫૦ કરોડની પેઈડ અપ કેપિટલ, ૨૮૬ કરોડની ડિપોઝીટ ધરાવે છે.

– સંપૂર્ણ

**નાયગ્રા ફોલ્સ** સામેના પાનાથી ચાલુ

નજીક પહોંચી ગઈ. પોંચો વીંધીને શરીર અને મોં પર પાણીના છાંટા અને ધુમ્મસનો આહ્‌લાદભર્યો સ્પર્શ થવા લાગ્યો. દુનિયાથી પર કોઈ અલગ પ્રાંતમાં પહોંચી ગયા હોઈએ તેવી આ અનુભૂતિ સુવાંગ દરેકની પોતાની હતી. તેને વહેંચવી અસંભવ હતી.

ત્યાર પછી અમે કેવ ઑફ ધ વિન્ડ્સમાં ગયા. એ માટે તીવ્ર ગતિથી નીચે ઊતરતી લિફ્ટમાં લગભગ ૧૭૫ ફીટ ઊંડે ખીણમાં ઊતરવાનું હતું ઘણાં પગથિયાં ઊતરીને બ્રાઈડલ વેઈલ ફોલ્સની તદ્દન નજીક જઈને ઊભા રહ્યા. પોંચો પહેર્યાં હોવા છતાં ભીંજાઈ ગયા અને પાણીના પછડાવાથી જે ધુમ્મસ પેદા થતું હતું તે અમને વીંટળાઈ વળ્યું પણ એમાં જે આનંદ આવ્યો એની શી વાત કરવી ! સૌના મોઢાં પર કંઈક અવનવું પામ્યાનો આનંદ હતો, એન What an experience ! કે Experience of a lifetime ! જેવા ઉદ્‌ગારો વડે વ્યક્ત કરતા હતા.

મરતાં પહેલાં પૂરી કરવાની ઈચ્છાઓને અંગ્રજીમાં બકેટ લિસ્ટ કહે છે. નાયગ્રા આપણા બકેટ લિસ્ટમાં હોવું જોઈએ એવું પૃથ્વી પરનું સ્થળ છે. એ માત્ર નયનરમ્ય નથી, અપૂર્વ ઈંદ્રિયગમ્ય અનુભૂતિ કરાવતા મેઈડ ઓફ ધ મિસ્ટ અને કેવ ઓફ ધ વિન્ડ્સ એવા અવિસ્મરણીય અનુભવ છે જે આજીવન યાદ રહેશે.

**ખાસ વાત –** ● બેકપેકર માટેના નિવાસ અને યુથ હોસ્ટેલથી માંડીને બેડ એન્ડ બ્રેકફાસ્ટ કે ધોધનું દર્શન કરી શકાય એવી અનેક હોટેલ્સમાંથી રોકાણ માટેની જગ્યા પસંદ કરી શકાય છે.

● નાયગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ દસ કિલોમીટર જ દૂર છે પણ ૪૦ કિલોમીટર દૂર આવેલા બફેલો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાનોની આનવજાવન વધુ છે. ન્યુયોર્ક સિટી અને ટોરન્ટોથી ટ્રેન દ્વારા જઈ શકાય છે. ટોરન્ટોથી આ જલપ્રપાત ૧૩૦ કિલોમીટર દૂર છે. ટ્રાફિક ન હોય તો પહોંચતાં દોઢેક કલાક લાગે છે. ન્યુ યોર્ક સિટીથી કે ટોરન્ટોથી બસમાં પણ જઈ શકાય છે અથવા ટ્રાવેલ એજન્સી પાસેથી ટૂર લઈ શકાય છે.

● વેજિટેરિયન ખાવાનું મળે છે પણ મોંઘુ છે. સાથે થોડું ભાતું રાખ્યું હોય તો સારું પડશે.

**– ચંદ્રિકા લોડાયા,** ‘જન્મભૂમિ’માંથી સાભાર

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## અવિસ્મરણીય અનુભૂતિ : નાયગ્રા ફોલ્સ

દુનિયાના ખૂબસુરત ધોધોમાંનો એક નાયગ્રા છે અને કદાચ સૌથી પ્રસિદ્ધ ધોધ પણ નાયગ્રા જ છે. કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ જેને આપણે અમેરિકા તરીકે ઓળખીએ છીએ એ બંને દેશોની સરહદ પર આ ધોધ આવેલો છે. કદમાં દુનિયામાં ત્રીજા નંબરે આવતો આ ધોધ દર વર્ષે દુનિયાભરમાંથી લાખો પ્રવાસીઓને આકર્ષે છે.

અમે પણ નાયગ્રાના ખેંચાણથી મુક્ત નહોતાં. નાયગ્રા ફોલ્સ માટે ન્યુ યોર્કથી બે દિવસની બસ ટૂર મળે છે, અમે એમાં જોડાઈ ગયાં. ન્યુ યોર્ક સિટીથી બફેલો સ્ટેટમાં આવેલા નાયગ્રા ધોધ સુધી પહોંચતા આઠ કલાક લાગ્યા. અમારી હોટેલ પર પહોંચતા અમારા ગાઈડ સૌપ્રથમ અમને જેના દર્શનની તાલાવેલી હતી તે નાયગ્રા ધોધ તરફ જ દોર્યાં. ત્યાં પહોંચતા અમે જોયું કે અમારી આંખો સામે અદ્‌ભુત નૈસર્ગિક સૌંદર્યનો ખજાનો ખુલ્લો પડ્યો હતો. નાયગ્રા નદીની ધસમસતી જળરાશિ ત્રણ ભાગમાં વહેંચાઈને ૧૬૭ ફૂટની ઊંચાઈએથી નીચે પછડાતાં જે સૌંદર્યનું નિર્માણ કરી હતી તે અવાચક બનીને અમે જોતાં રહ્યાં. વરુણદેવનો મહાશક્તિશાળી પ્રપાત નીચે પછડાઈને હજારો જળબિંદુઓ રૂપે ઊછળતાં ખીણને ભરી દેતો હતો.





જળબિંદુઓ ક્યારેક હાથ લંબાવીને અમારા બદનને સ્પર્શતા ત્યારે બદનમાં રોમાંચ વ્યાપી જતો. ફીણની બેદાગ ધવલતામાં ભળતું આછેરું નીલત્વ એવું ઓપતું હતું જાણે વરુણદેવે ઓઢેલો ખેસ ! અને એ ઓછું હોય તેમ વરુણદેવે સપ્તરંગી મેઘધનુષનો હાર ધારણ કરી લીધો ! થોડી વારે સૂર્યની વિદાય અને ઝાંખા તિમિરના આગમન સાથે લાઈટો ચમકી ઊઠી અને એમનો રંગબેરંગી પ્રકાશ ઝીલતા આ જળભંડારનું બીજું સંમોહક પાસું ઉજાગર થયું. વરુણદેવ હોળી ખેલતા રહ્યા અને અમે ક્યાંય સુધી એમણે સર્જેલા અદ્‌ભૂત સૌંદયનું પાન કરતા રહ્યા. આ સાથે એમનું ઘેરું ગર્જન તો ચાલુ જ હતું, આમ એમણે અમારી ત્રણ ઈંદ્રિયો દૃષ્ટિ, સ્પર્શ અને કર્ણેદ્રિયને વશમાં કરી લીધી હતી. છેવટે ધીમે ધીમે એમના વશીકરણમાંથી બહાર આવ્યા. પણ અમને ખબર નહોતી કે આના કરતાં ચડી જાય એવો અનુભવ અમને આવતી કાલે થવાનો હતો.

નાયગ્રા ફોલ્સનું મનભરીને દર્શન કર્યા પછી અમે આજુબાજુની બીજી બાબતોની નોંધ લેવાનું શરૂ કર્યું. પ્રપાતના મોટો, નાનો અને એનાથી નાનો એમ ત્રણ ભાગ પડે છે જેમનાં નામ હોર્સ શૂ ફોલ્સની વચ્ચેની જમીન જેને ગોટ આઈલેન્ડ કહે છે તેના પરથી અમે અમેરિકન અને બ્રાઈડલ વેઈલ બંને પ્રપાતનું નિકટતાથી નિરીક્ષણ કર્યું. આ ટાપુ પરનાં વૃક્ષો ધોધના છંટકાવથી તરોતાજાં રહે છે અને વનસ્પતિશાસ્ત્રિઓને રસ પડે તેવાં વૃક્ષોના નમૂના અહીં છે. અમે કોઈ નિષ્ણાત તો હતા નહીં, બસ આ વૃક્ષોથી બનેલા સદાબહાર વનમાં ચાલવાની મજા લીધી.

કેનેડા બાજુથી પ્રપાતનું દશ્ય વધુ રમણીય દેખાય છે, જ્યારે અમેરિકાની મેઈડ ઑફ ધ મિસ્ટ બોટ રાઈડ ચૂકવા જેવી નથી. બંને બાજુએથી નાયગ્રાને માણવા બંને દેશના વિઝા જોઈએ. અહીં આવવાનો ઉત્તમ સમય મેથી સપ્ટેમ્બર છે. ત્યારે ઉદ્યાન ફૂલોથી છલકતો હોય છે અને આબોહવા સહ્ય હોય છે. નાયગ્રા ધોધને ઊંચાઈ પરથી નિરખવા રાતે જમવા માટે અમે ત્યાં આવેલા સ્કાયલોન ટાવરની ટોચ રેસ્ટોરાંમાં જમવાનું નક્કી કર્યું. ધોધને ફરતા રેસ્ટોરાંટની કાચની દીવાલોમાંથી જોતાં જોતાં સ્વાદિષ્ટ ભોજન કરવામાં સમય એવો તો જાદુઈ રીતે વિત્યો કે એના પછી આવેલું મોટું મસ બિલ કઠયું નહીં.

રાતના નવ વાગ્યે આતશબાજી શરૂ થતાં વાતાવરણની રમ્યતાને જાણે ચાર ચાંદ લાગી ગયા. અમને જાણ થઈ કે અમુક રાતોએ ફટાકડા ફોડવામાં આવે છે અને એ કાર્યક્રમ પૂર્વનિર્ધારિત હોય છે. બીજા દિવસે સવારે અમને મેઈડ ઑફ ધ મિસ્ટ માટે તૈયાર કરવામાં આવ્યાં. બધે જ સુયોજિત વ્યવસ્થા હતી. પ્રથમ અસંખ્ય લોકો સાથે લાઈનમાં ઊભા રહેવાનું. તમારો વારો આવે ત્યારે તમને પ્લાસ્ટિકના રેઈનકોટ જેવા પોચો આપે તે પહેરીને તૈયાર રહેવાનું. પછી બોટ આવે ત્યારે લગભગ ૩૦૦ જણનો એમાં સમાવેશ થાય અમારી બોટ ધોધની નજીક ને નજીક જવા લાગી. ધોધની ગર્જના અમારા કાનોમાં ગૂંજવા લાગી. બોટ પ્રપાતના પાણીને અમારી આસપાસ અનુભવી શકીએ તેટલી

અનુસંધાન સામેના પાને

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

ज्ञातिना स्पर्शता समाचारो टूंकमां पानानी एक बाजुए सारा अक्षरे कार्यक्रम पूर्ण थाय के तरत लखी मोकलवा विनंती.

## ''શ્રી રાપરગઢ-નાની સિંધોડી જૈન સંઘ આયોજીત સાતમું સ્નેહ મિલન''

શ્રી રાપરગઢ-નાની સિંધોડી જૈન સંઘ દ્વારા તા. ૩૧.૧.૨૦૧૬ રવિવાર નાં અનંત સિધ્ધીમાં આયોજી સ્નેહમિલનનાં લાભાર્થી માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર હતાં. શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળે સુરતાલ સાથે ભાવી. રાપરગઢવારી અને મહાજન પ્રમુખ શ્રી કલ્પેશ મોતા તથા લાભાર્થી પરિવારે શેઠ શ્રી નરશી નાથાને હાર પહેરાવ્યો. બાળકો અને મહિલાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. કાર્યક્રમનું સંચાલન ચેતના હરીયા એન્ડ પાર્ટીએ કર્યુ હતું.

## મહિલા મંચ, ધુલિયા

મહિલા મંચ ધુલિયાની સભા સભ્ય સૌ. શીલતબેન પરેશ ભાટેના નિવાસસ્થાને શનિવાર, તા. ૧૨/૧૨/૨૦૧૫ ના રોજ સેક્રેટરી સૌ. પ્રીતિબેન મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ શીતલબેને સહુનું સ્વાગત કરી બેંકીંગ વિષય પર પર કેટલીક માહિતી આપેલ. સભ્યાએ પણ બેંક અંગે પોતાના વિચારો રજૂ કરેલ.

કુ. જ્યોતિ ચૌધરીએ કેટલીક ઝડપથી થઈ શકે, લગ્ન અને પાર્ટી પ્રસંગે સુંદર લાગે એવી હેઅરસ્ટાઈલ કરતાં શીખવેલ. સાથે બ્યુટીકેરની કેટલીક ટીપ્સ પણ આપેલ. સૌ. શીતલબેને તેમનો પરિચય આપી સૌ મધુમતીબેનના હસ્તે શ્રીફળથી સન્માન કરેલ.

સૌ. શીતલબેને રમાડેલ લકી ગેમમાં પ્રથમ સૌ ભાવનાબેન લોડાયા તથા દ્વિતીય સૌ. પ્રીતિબેન મોમાયા વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. લીનાબેન મોમાયાને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. શીતલબેન તરફથી ઈનામ મળેલ.

શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ચાલીસગમા મુકામે કાયમી તિથિ અન્નદાન માટે ધુલિયા મંચના સભ્યો તરફથી રૂા. ૫૦૦૦/- અર્પણ કરવામાં આવેલ.

મહિલા મંચની સભા રવિવાર, તા. ૧૦/૧/૨૦૧૬ ના રોજ સભ્ય સૌ હર્ષાબેન વિનોદ સોનીના નિવાસસ્થાને સૌ ચેતનાબેન ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. ખ્રિસ્તી નવા વર્ષની શુભેચ્છા સાથે એક સભ્યના બહેનને શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ.

સૌ હર્ષાબેને વ્યક્તિ વિશેષ રૂપે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જીવન વિશે સુંદર માહિતી આપી. તેમના જન્મ જયંતિ પ્રસંગે પ્રગટ થયેલ પોસ્ટ ટિકિટ અને અન્ય સામગ્રી દર્શાવેલ. 'વ' પરથી એક પેપર ગેમ રમાડેલ જેમાં પ્રથમ સૌ. પ્રીતિબેન મોમાયા, દ્વિતીય સૌ. ભાવનાબેન ભાટે તથા સૌ. ચેતનાબેન ભાટે વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. શીતલબેન ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. હર્ષાબેન તરફથી શ્રીમતિ હિરાવંતીબેન લોડાયાના હસ્તે ઈનામ આપવામાં આવેલ.

મહિલા મંચ તરફથી જૈન હાઉઝી રમાડવામાં આવેલ જેમાં સૌ. નમ્રતાબેન સોની, સૌ. હર્ષાબેન સોની, સૌ. ચેતનાબેન ભાટે વિજેતા થયેલ જેમને મહિલા મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, આણંદ

આણંદ મહાજન દ્વારા તા. ૨૪/૧/૨૦૧૬ ને રવિવારના રોજ માતર તિર્થ - શંખેશ્વર તિર્થ તથા બાકરોલ તિર્થની ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ.

જાત્રા અંગે માતુશ્રી ઝવેરબેન કલ્યાણજી લોડાયા હ. કિશોરભાઈ, શ્રીમતી ને શ્રી જ્યોતિ નિતીન ધરમશી, સ્વ. શ્રી ભવાનજી મુલજી મોતા હ. મહેન્દ્રભાઈ, માતુશ્રી હીરબાઈ ચત્રભુજ લોડાયા હ. મહેશભાઈ આદિ દાતાઓએ આર્થિક સહયોગ આપેલ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119



પ્રવાસમાં શ્રીમતી મિલન મુલચંદ દંડ, શ્રી માહિત કિશોર લોડાયા તથા શ્રી અમીત મહેન્દ્ર મોતાએ વિવિધ ધાર્મિક રમતો રમાડેલ. શ્રી મુલચંદ દેવશી દંડ એ સ્તવનોની રમઝટ બોલાવેલ.

શ્રી મહેન્દ્રભાઈ ભવાનજી મોતાએ પોતાના સુપુત્ર ચી. અમીના લગ્ન પ્રસંગ નિમીત્તે મહાજનને રૂા. ૩૫૦૧/- ની ભેટ અર્પણ કરેલ.

## મહિલા મંચ જલગામ

મહિલા મંચ જલગામની પીકનીક તા. ૩-૨-૨૦૧૬ના રોજ ડૉક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી ગાર્ડનમાં યોજાઈ હતી. એમાં ૨૨ સભ્યોએ ભાગ લીધો હતો. પકવાન હોટલમાં જૈન થાળી જમાડવામાં આવી હતી.

વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં પ્રથમ સૌ જયાબેન મોમાયા, સૌ. મંજુલાબેન ઓશવાલ, સૌ. ટીના પોલડીયા, સૌ. ગીતા દંડ, સૌ. મધૂ મોતા, સૌ. દક્ષા મોમાયા, સૌ. રિના મૈશેરી, સૌ. દક્ષા લોડાયાને ઈનામો મળ્યા.

આયોજન માટે સૌ ખૂશૂમતી ખોના, સૌ. ટીના પોલડીયા, સૌ. ગીતા દંડ, સૌ. મધૂ મોતા, સૌ. સ્વાતિ લોડાયા, સૌ. લતીકા ગાલાએ જહેમત લીધેલ.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ) સંસ્થા દ્વારા ચાલીસગામ મા બુધવારના તથા પાચોરામાં શનિવારે ગરીબોને જમણ આપવામાં આવે છે. ચાલીસગામમાં મતિમંદ વિદ્યાલયમાં પણ ભોજન આપવામાં આવે છે.

**કાયમી ભોજન કરાવનાર દાતઓના નામ :** પલ્લવી વીરચંદશાહ, નાંદેડ, નીશાબેન હિતેશ મોતા, વાલકેશ્વર, લક્ષ્મીચંદભાઈ શામજીભાઈ મૈશેરી, મુલુંડ, હિતેશભાઈ માણેકજી મોતા, વાલકેશ્વર, મહેન્દ્રભાઈ રાયચંદ નાગડા વડોદરા.

**એક દિવસ માટે ભોજન કરાવનાર દાતાઓના નામ :** સ્વ. કાન્તાબાઈ પ્રતાપ લોડાયા, પાચોરા હસ્તે ગીરીશભાઈ, ચિ. તેજ કુણાલ અનિલ મોતા, અંધેરી, કાન્તિલાલાભાઈ દંડ અને દિનેશભાઈ દંડ, મુંબઈ (મલકાપુર), ભવ્ય અભય લોડાયા, પાચોરા, વિજયાબાઈ મેઘજી લોડાયા, પાચોરા.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૬-૦૨-૨૦૧૬ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યાથી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક કેમ્પ યોજેલ છે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૭-૦૨-૨૦૧૬ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા. ૨૮-૦૨-૨૦૧૬ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

રજીસ્ટ્રેશનના કાંજુરમાર્ગ ખાતે રૂા. ૫૦/- અને ચેંબુરમાં રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહે. શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

પ્રાત: સ્મરણીય નરકેસરી જ્ઞાતિ શિરોમણિ :

### શેઠ શ્રી નરશી નાથા નાગડા ગામ નલિયા કચ્છ

જન્મ સં. ૧૮૪૦     સ્વર્ગવાસ સં. ૧૮૯૯

જિત્ત જિત્ત નાં નરશી નાથા, તિત્તતિત્ત નમેં દશેંજા મથા,
હીન ધિલજે રાજાજી દશેંજે, ધિલધિલમેં ગુંજેતી અમર ગાથા
નરશીનાથા તાં કચ્છજા કોહીનૂર, ધુનિયામેં ધોરી મશહુર
શ્રેષ્ઠિવર્ય દીર્ઘદ્રષ્ટા ને દાનેશ્વરી દીપાયાં નાતજોનૂર
નાતજા શિરોમણિ થ્યા, ચોવાણા પેલા શેઠ થ્યા ભારી પ્રખ્યાત,
ઇનીજે નાંસેં ઓળખાજે કચ્છી દશા ઓશવાલજી નાત,
પ્રાત: સ્મરણીયજે પગલે પગલે પ્રેમ વરસેને ગવાજે સલુકો,
ધુનિયાજે કોઇ પણ નાતમેં નમિલે હેળે મહાન માડુજો જોટ્ટો,
બહુ રત્ના વસુંધરાજા નરવંકા, ભલેં છૂંવે ધરતી આકાશ,
હીરે મળેલો નાં નરશી નાથાજો, ગજાંઇધો રોંધો ઇતિહાસ,
પ્રભાવી-પ્રતાપીને પુણ્ય શ્લોક, દશાઇ જાહોજલાલીજા કીર્તિસ્થંભ
'રશ્મિન' ચેં હી પુણ્યાત્મા પુજાબા રોંધા સદા સમયજે સંગ

– રશ્મિન ખોના (મુંબઈ)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પર્યાવરણનું સંતુલન ખોરવાઈ જવાથી આ વર્ષે ઋતુ ચક્ર ખોરવાયું છે. તેથી હવે પર્યાવરણાએ માત્ર પર્યાવરણ પ્રેમીઓ કે પર્યાવરણવાદીઓનો નહીં આપણો સૌનો વિષય બન્યો છે. એ બાબત સક્રિય બનીએ.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હેમલતા વિસનજી લોડાયા** | બી-૨/૮૦૪, લોક એવરેસ્ટ, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **દિનેશ રામજી લોડાયા** | દિનેશ રોડલાઈન્સ, ૧૨૨, ગ્રોહિતમ બિલ્ડીંગ, પ્લૉટ નં. ૧૪બી, એ.પી.એમ.સી.-૨ માર્કેટની સામે, માથાડી ચોક પાસે, સેક્ટર-૧૯, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫. મો.: ૯૮૨૦૩ ૨૭૯૭૭ / ૯૮૨૦૭ ૯૯૦૭૭ ફોન : ૨૭૮૯ ૧૨૪૦ / ૨૭૮૯ ૦૨૦૪ |
| **શ્રીમતી જાસ્મિન કૃણાલ ગોશર** | એ-૧૪૦૪, પોલારીસ બિલ્ડીંગ, નિર્મલ ગેલેક્સી, એલ.બી.એસ. માર્ગ, જૉન્સન એન્ડ જૉન્સનની સામે, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: કૃણાલ ૦૭૩૦૩૬ ૫૯૮૦૬, જાસ્મિન ૦૭૩૦૩૬ ૫૯૮૨૩ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૬-૧૫ | મસ્જીદ | દેવેન, રિંકુ મેહુલ મૈશેરી | સાંધાણ | પુત્ર |
| ૨૨-૧૨-૧૫ | ઘાટકોપર | અયાંશ, પન્ના રૂપેશ વીરચંદ નાગડા | પરજાઊ | પુત્ર |
| ૧૩-૦૧-૧૬ | ડોમ્બીવલી | સ્વરા, રેણુકા હેમંત જયચંદ ખોના | મોટી ખાવડી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૨-૧૬ | ડોમ્બીવલી | રાહુલ પ્રકાશ આણંદજી કુરૂવા | ગોધરા | ૨૯ |
| | ભાંડુપ | નેહલ સુરેશ મેઘજી લોડાયા | સુજાપર | ૨૪ |

### આંતરજ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૨-૧૬ | કૉટનગ્રીન | રાજ જગદીશ સોમૈયા | ભદ્રેશ્વર | ૨૭ |
| | વડાલા | પ્રિયંકા પંકજ હંસરાજ શાહ (લોડાયા) | મોટી ખાવડી | ૨૭ |
| ૦૯-૦૨-૧૬ | ડોમ્બીવલી | જીગ્નેશ લક્ષ્મીચંદ લાલજી લોડાયા | નલીયા | ૨૯ |
| | માનખુર્દ | સ્વાતી સદાશિવ મારૂતી ઠાકરે | સાહૂર | ૨૮ |

### સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૧-૧૬ | ઘાટકોપર | પારસ નિલેશ વીરા | દેસલપર કંક | ૨૪ |
| | જલગાંવ | કરિશ્મા દીપક લોડાયા | નાની ખાવડી | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૧૬ | મુલુંડ | દિપક રાયચંદ રતનશી દંડ (કારાણી) | સુથરી | ૩૮ |
| | માટુંગા | પ્રિયા પ્રતાપ મુલજી પીર | નલીયા | ૩૬ |

### આંતરજ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૬ | ભોપાલ | પ્રિયાંશ સુધીર વાલજી મોતા | વાંકુ | ૨૮ |
| | | હિમાંશી રાજેન્દ્ર કોચર જૈન | નાગદા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૧-૧૬ | બેંગ્લોર | પુરબાઈ રતીલાલ ઘેલાભાઈ સોની (ભાટે) | જખૌ | ૯૮ |
| ૦૨-૦૨-૧૬ | ગદગ | સોમચંદ હંસરાજ ખોના | બારોઈ | ૯૨ |
| ૦૯-૦૨-૧૬ | બુરહાનપુર | જ્યોત્સનાબેન તારાચંદ પોલડીયા | ડૂમરા | ૬૭ |
| ૦૯-૦૨-૧૬ | કોચીન | નવલબાઈ કલ્યાણજી માયાભાઈ ખોના | સુથરી | ૭૨ |
| - | કલકત્તા | ધનપાલ માણેકજી લોડાયા (માલાણી) | સાંયરા | ૬૨ |
| ૧૦-૦૨-૧૬ | અહમદનગર/કામોઠે | ભૂપેન્દ્ર સોમચંદ કુરૂવા | ગોધરા | ૪૯ |
| ૧૧-૦૨-૧૬ | ડોમ્બીવલી | જયંતીલાલ નાંગશી લોડાયા | નાની ખાવડી | ૭૦ |

**Correction in Advertisement of Shri Arihant Co-operative Bank Ltd.**

Arihant Bank Advt. in Issue No. 01 of Prakash Samiksha period 18th January 2016 to 24th January 2016 is to read (para 2 of para No. 1) as under requirement of deposits of Rs. 50,000/- in the general category & Rs. 25,000/- other than general category i.e Sr No. 2 to 5 is to be deposited before/at the time of filing the nomination form and not before 29th January 2016 as informed by DDR Belapur.

## દૂરદર્શનની 'ગિરનાર' ગુજરાતી ચેનલના 'જીવનનો ઉજાસ'માં જ્ઞાતિના આગેવાન વિખ્યાત વીમા એજન્ટ શ્રી બીપીન નાગડાની મુલાકાત સોમવાર તા. ૨૯/૨/૨૦૧૬ના રાતે ૧૦ વાગે પ્રસારિત થશે.

વીમા ક્ષેત્રે સતત ઊંચા અને ઊંચા શિખરો સર કરીને શૂન્યમાંથી સર્જન કરનારા હાલારના રંગપુર ગામના હાલે મુલુંડ રહેતા શ્રી બીપીન પાશ્વીર નાગડાની તારક મહેતા ફેમ અંજલિ મહેતા (શ્રી નેહા કે મહેતા)એ દૂરદર્શનની ગિરનાર ગુજરાતી ચેનલ માટે લીધેલ વિશેષ મુલાકાત સોમવાર તા. ૨૯-૨-૨૦૧૬ના રાતે વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી પ્રસારિત થશે.

આ ફ્રી પ્રાદેશિક ચેનલ પર ૩૪ દેશોમાં પ્રસારિત થનાર શ્રી બીપીનભાઈની આ વિશેષ મુલાકાત એરટેલવાળા 591 પર, ટાટા સ્કાયવાળા 897 પર, ઈન કેબલવાળા 573 પર, હેથવેવાળા 533 પર માણી શકશે.



શ્રી બીપીન નાગડાનો ઈન્ટરવ્યુ લઈ રહેલા શ્રી નેહા મહેતા

જ્ઞાતિના આ બહુમુખી તારલાને તેના અલગ અલગ સ્વરૂપે સમજવા આ મુલાકાત અવશ્ય જોવી રહી.

શ્રી બીપીન નાગડાએ પ્રશંસાપાત્ર વ્યવસાયિક કારકિર્દી જ નથી બનાવી. પોતાના ગામ રંગુપર - હાલાર - સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ ઉત્કર્ષ કાર્યોમાં સહયોગ આપી સમાજનું ઋણ અદા કર્યું છે. હાલે તેઓ જ્ઞાતિના જ નહીં બધા જૈનોના પ્રતિષ્ઠિત ટ્રસ્ટોમાંથી એક એવા અનંતનાથજી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા



**ગિરનાર એવોર્ડ** મેળવી રહેલા શ્રી બીપીન નાગડા



શ્રી શરદ પવારના હસ્તે **કચ્છ શકિત એવોર્ડ** સ્વીકારી રહેલા શ્રી બીપીન નાગડા



શ્રી બીપીન નાગડા સાથે ખભેખભા મીલાવી ભવ્ય વ્યવસાયિક ઈમારત ખડી કરનારા ભાગીદાર શ્રી ગાંગુલી



**ઘરના દિવડા એવોર્ડ** સ્વીકારી રહેલા શ્રી બીપીન નાગડા

## Interview of Shri Bipin Nagada by 'Neha K. Mehta for the TV Show "Jivan No Ujaas" on Gujrati DD Channel Girnar to be Telecasted on 29th Feb. 2016

It will be release on Monday 29th February'16 @ 10:00pm To 10:30pm @ "Door Darshan D.D. Girnar" Gujrati Channel it is free regional channel on Airtel 591, Tatasky 897, incable 573, Hathway 533. It will be release in 34 Countries.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ







જન્મ :
તા. ૧૫/૦૪/૧૯૨૯

અરિહંત શરણ :
તા. ૧૭/૦૨/૨૦૧૫

## સ્વ. રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી

(ગામ : સુથરી - હાલ : મુલુંડ)

અજ આકે વેંધે વરે થ્યો, થીંધા વરેજા વરે પસાર... તોયે માં અંઈ ત યાદ અચો, અસાંજે શ્વાસજે હર ધબકાર...
'રતન' આંજે નાં જેળા ગુણેસેં, અસાં મેર્ણીકિ ભનાયા રતન... ભણાય-ગણાય-કેળવેને, ખૂબ ક્યાં અસાંજો જતન...
કીં ભુલી શકો માં, આંજા ડેનેલા સોનેરી સંસ્કાર ? ને કીં ભુલી શકો માં, અસાંતે કરેલા આંજા અનંત ઉપકાર ?
મેણીયા વડો માંજો ખોરો, જે મેર્ણીકિ ગેણા સમાઈ... ધરમશી પરિવારજી નીલી વાડીકિ, ખેલધી કરેવ્યા સવાઈ...
શોભે વટ્ટવૃક્ષ જેળો, આંજો મેઠડો પરિવાર... જેં કે લાગણીમેં ઝબૂડે ઝબૂડેને, હુંભને હૂંફસે ડેના એળો પ્યાર...

ફ્રેનલ, પરીકા, નિરાલી, યેશીકા, કેજલ જા લાડલા... અનિક, હર્ષ, નિકેતજા પ્યારા
સમસ્ત ધરમશી પરિવારજા અનમોલ રતન, પ્રભુ આંજે દિવ્ય આત્માકે પરમ શાંતિ અર્પે શેજ પ્રાર્થના

❖ પુત્ર વધુ - પુત્ર ❖
અ.સૌ. કાશ્મીરા નરેન્દ્ર ધરમશી • અ.સૌ. કુસુમ હરીશ ધરમશી
અ.સૌ. નીતા હીરેન ધરમશી





❖ પુત્રી - જમાઈ ❖
અ.સૌ. ઉષા અશ્વીન મૈશેરી • અ.સૌ. ભારતી સુશીલ ખોના

❖ પૌત્ર વધુ - પૌત્ર ❖
અ.સૌ. પુજા અનીક ધરમશી • અ.સૌ. પરીતા હર્ષ ધરમશી

❖ પૌત્રી - જમાઈ ❖
અ.સૌ. ફ્રેનલ રીશી લોડાયા • અ.સૌ. પરીકા મિહીર ઘોટીકર
અ.સૌ. નિરાલી દીપ શાહ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,